શ્રી.

રામ શતશાઇ

અને

શ્રી કૃષ્ણ સ્તવન મંજરી.

બનાવનાર.

ગોવર્ધન સદારામ ઠાકોરનો.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

બુકસેલર જેઠાલાલ મનસુખરામ ઠે. બજારમાં.

સરસ્વતી પુસ્તકાલયના માલીક.

મુ. ડાકોર.

આવૃ. ૧લી, [illegible] પ્રત ૧૦૦૦

સંવત ૧૯૭૦. ૧૯૧૩.

શાહ પ્રેમચંદ નરોત્તમચંદ તથા ડાહ્યાભાઈ શકરાભાઈ નાયકે
શ્રી સત્યપ્રકાશ પ્રિન્ટિંગ પ્રેસ—માણેક ચોક અમદાવાદમાં છાપ્યું

કિંમત ચાર આના.

શ્રી રામશતશાઇ
અને
શ્રી કૃષ્ણસ્તવન મંજરી.

દોહરા – ૬

રામ ચરણુ અનુરાગિને, જપો નિરંતર જાપ;
રામ રામ ઉચ્ચારતાં, ટળે ત્રિવિધના તાપ. ૧
અમુલખ અવસર આવીયો, મનુષ્યા દેહ [illegible];
રામ નામ ભકતી થકી, જીતી લ્યો સંસાર. ૨
દુ ખ હરણુ શાન્તી કરણુ, [illegible] ધામ;
અધમ ઉદ્ધારણુ નાથ એ, ભુલો [illegible] કદી રામ. ૩
સહુ મંગળ મંગળ સદા, પળમાં દે કલ્યાણુ;
પાવન પરમ કૃપાનિધિ, રામ [illegible] નિત્ય જાણુ. ૪
ભાગ્યવાન નર ભોગવે, રામ સુધારસ સાર;
કર્મ હીણુથી કયમ બને, અ[illegible]ળનો આહાર. ૫
રામ નામ અમૃત તણો, ભરીયો અબ્ધિ અપાર;
પીયો રાત દીન સર્વદા, પડે ન દામ લગાર. ૬
મારગ મધે મણી પડયો અંધો લહે ન તેહ;
ત્યમ શ્રી રામ સમો મણી, ગ્રહે ન અંધો જેહ. ૭
જ્યમ ગરધભ સાકર તણો, લહે ન મધુરો સ્વાદ;
રામ સુધા સાકર તજે, તે ગરધભ નિરવાદ. ૮
સુર્ય પ્રકાસે સૃષ્ટિમાં, ઘુડ ગ્રહે અંધાર;
રામ ત્યજી ગ્રહે વિષયને, તેહ ઘુડ સમ ધાર. ૯
રામ રામ હરનિશ કહો, કહોને વારંવાર;
રામ નામ જપતાં થશે, પુણ્ય તણો અંબાર. ૧૦
રામ રામ હરનિશ કહો, રાખી દૃઢ વિશ્વાસ;
રામ નામથી થાય છે, સર્વ પાપનો નાશ. ૧૧
જયમ અગ્નિના સ્પર્શથી, સુવર્ણ હોયે શુદ્ધ;
ત્યમ શ્રી રામ પ્રતાપથી, પાવન થાય અશુદ્ધ. ૧૨

ઔષધિ બહુ અવનીમાં, પણ અમૃતની હેઠ;
ત્યમ ભક્તિમાં સર્વદા, રામનામ છે શ્રેષ્ઠ. ૧૩
જેમ રવિના ઉદયથી, અંધકાર દુર થાય;
ત્યમ શ્રી રામ પ્રતાપથી, પાપ તિમિર ટળી જાય. ૧૪
જ્યમ શિશુ મુખ પય સિંચતાં, વૃદ્ધી થાય વિશેષ;
રામ નામ પય પાનથી, વધે જ્ઞાન ગુણ વેશ. ૧૫
સહજ અગ્નિ મહા પુંજનો, પળમાં કરે વિનાશ;
ત્યમ શ્રી રામ પ્રતાપથી, થાય પાપનો નાશ. ૧૬
પાપ હરે બંધન ટળે, ભક્તિ ઉદય કરી દેત;
જ્ઞાન પ્રકાશે ઉર મહી, રામ નામ જે લેત. ૧૭
કર્યું કર્યું સૌકો કહે, પણ નવ કરીયું કાંઇ;
કર્યું ભજન નહીં રામનું, શું કર્યું જગની માંહીં ૧૮
નિત્ય લક્ષ ગોદાન જે કરે, નહૂષ મહા ભૂપ;
રામ ભક્તિ વિણ ભટકીયો, કૂર્મ રૂપ થઇ કૂપ. ૧૯
શહસ્ત્ર યજ્ઞ સંધરે કર્યા, જશ વાધ્યો જગ માંહી;
પણ શ્રી રામ ભજન વિના, કાજ સર્યું નહીં કાંઇ. ૨૦
યજ્ઞ દાન કંઇ નવ કર્યું, કર્યું નહીં કંઈ કામ;
ભક્તિ કરીને રીઝવ્યા, નરસિંહ મેહેતે રામ. ૨૧
યજ્ઞ હોમ કઇ નવ કર્યાં, કર્યાં નહીં જપ દાન;
ભક્તિ કરી જો રામની, કર્યું સર્વ તે જાણ. ૨૨
પ્રપંચથી ધન મેળવ્યુ, પુષ્ટ કરી નિજ કાય;
અંત સમે શ્રીરામ વિણ, કોણ થશે તુજ સ્હાય. ૨૩
સુત દારાની સંગમાં, રમતો રહે દિન રાત;
ભુલ્યો ભક્તિ રામની, મરણ તણી શિર ઘાત. ૨૪
રામ વિના ધન કામની, કોઇ ન આવે સાથ;
આવ્યા ખાલી હાથથી, જાશો ખાલી હાથ. ૨૫
રામ નામમાં ગુણ ઘણા, કદી ન હોયે દુઃખ;
જ્યમ અમૃતના પાનથી, થાય શરિરમાં સુખ. ૨૬
પથ્થર તરિયા પાણીમાં, રામ પ્રતાપે જાણ;
માનવીને તરવા તણી, શંકા ધારે કોણ. ૨૭

રામનામમાં બળ બહુ, નહીં કો તેની તોલ;
પોપટ પાળે સ્નેહથી રામ નામ સુખ બોલ. ૨૮
સર્વશક્તિ કારણુ જગત રામ નામ છે જેહ,
તેહ નામથી ભય મટે તેમાં શો સંદેહ ! ૨૯
રાય તણી શેવા થકી પામે શેવક સુખ,
રામ શેવાથી કયમ રહે રામ ભક્તને દુઃખ ! ૩૦
અન્ય દેવ સાધન કરી ઈચ્છીત ધારે અર્થ,
રામ કૃપાથી નવ સરે સહુથી દિસે સમર્થ. ૩૧
પશુ પક્ષિના વચનમાં શુકન ગણે સહુ જન્ન,
રામ નામમાં શું કમી પુણ્ય રૂપ પાવન્ન. ૩૨
ભણ્યો ન વ્યાકરણ વેદ કે ભણ્યો ન શાસ્ત્ર પુરાણ;
રામ નામ જે જન ભણ્યો ભણ્યો સકળ તે જાણ. ૩૩
વિદ્યા યશ ધન બળ મળે સરે શું તેથી અર્થ
ઉલટી વાધે આપદા રામ નામ વિણ વ્યર્થ. ૩૪
માટે દ્દઢ વિશ્વાસ ધરી ભજો નિરંતર રામ,
સફળ થાય સંસાર સહુ અંતે મળે હરિધામ. ૩૫
નિર્મળ જળથી થાય છે મેલ રહિત જ્યમ વસ્ત્ર,
ત્યમ કિલમિષ કાપે સદા રામ નામ શુભ શસ્ત્ર. ૩૬
નોકાના સાધન વિના, અરણ્ય નાહિં તરાય,
રામ નામ નૌકા વિના ભવ દધિ નહીં ઉતરાય. ૩૭
મોહ મમત પથ્થર સમા રામ રત્ન રૂપ જાણ,
રત્ન તજી કયમ માનવી પથ્થર મોહે પ્રાણ. ૩૮
ધન દારા સુત સર્વ તે પળમાં થાયે નાશ,
રામ નામ ભક્તિ થકી અચળ હોય અવિનાશ. ૩૯
વિષય સુખ વહાલું કર્યું ભુલી રામનું નામ,
પાછળ પસ્તાવો થશે કાંઇ ન આવે કામ. ૪૦
રાખે પ્રીતી રામ પર રામ હ્રદય બહુ જોર,
રાખે તનમાં રામજી ત્યહાં ન આવે ચોર. ૪૧
રામ રામ જેને હ્રદે પાપ ન આવે પાસ,
તિમિર ટળે તતકાળ જ્યમ થાતાં ભાનું પ્રકાશ. ૪૨

રામ ભજન વિણુ જાય તે મિથ્યા કાળજ જાણુ,
આયુષ્ય ઓછું થાય છે ધનની મોટી હાણુ. ४३
અલ્પ સમય પણુ અમૂલ્ય છે રામ વિના નવ ગાળ્ય,
ધન ખરચે ક્ષણુ નહી મળે રામ રામ જપ માળ. ४४
કીધા મહેલ અવાસ બહુ કીધા ઉત્તમ કાજ,
અંત સમે નહી કામનું વિના રામ મહારાજ. ४५
શેવક થાતાં રામનો શિર ગાજે ગોપાળ,
સમીપ રાખે સર્વદા જયમ જનુની સહ બાળ. ४६
શિશુ ગ્રહે પિતુ અંગુલી ધારે જોર અપાર,
રામ તણો કર ઝાલતાં બળહિણુ કો રહેનાર. ४७
જીવ તણે કંઇ આશરે જીવ પામતા સુખ,
રામતણા આશ્રય વિષે કયમ જીવ પામે દુઃખ. ४८
સુતને પાળે સર્વદા પિતા ધરી બહુ પ્રીત,
રામ પિતાના સુત થતાં કયમ નહી પાળે રીત. ४९
રામ તણો થઇને રહ્યા તેને કસર ન કાંઇ,
ધ્રુવ વિભિષણુ તેના થયા રાખ્યા આશ્રય માય. ५०
અવગુણના પણુ ગુણુ ગણે રીઝે રામ અપાર,
વત્સ પ્રહારે ગાયને પણુ આપે પય ધાર. ५१
ઉત્તમ સેવા રામની તે વિણુ સઘળું વ્યર્થ,
વિષય જીવને શેવતાં સરે શું તેથી અર્થ. ५२
અર્થ સરે નહીં આપનો કર્યું અકારથ જાય,
રામભક્તિ વિણુ મનુષ્યનો ફોકટ ફેરો થાય. ५३
ઉત્તમ દેહ મનુષ્યનો ફરી ફરી નહીં મળનાર,
જો ભુલે શ્રી રામને રહે ચોરાશી ભાર. ५४
મરણુ જનમ દુઃખ ટાળવા અન્ય નથી ઉપાય,
રાજ નામ ભક્તિ થકી એ સંકટ દુર થાય. ५५
રાજપાટ સુખ સંપતી કદી ન આવે કામ,
અંતસમે અળગાં થશે પણુ પાસે રહે રામ. ५६
ઘણાં હોય સુત સુંદરી કોટિ ધનનો નાથ,
ગયા તજી શમશાનમાં કાંઈ થયું નહી સાથ. ५७

સુખપાલે ચઢી શોભતા પાદશાહના પુત્ર,
રામ ભક્તિ વિણુ ભટકીયા શુન્ય થયાં ઘર સૂત્ર. ૫૮
આવે પળમાં ધન અતી પળમાં થાય વિનાશ,
રામનામ તજી તેહને કેમ કરે વિશ્વાસ. ૫૯
સાઠ સહસ્ર પુત્રો હતા સગરરાયને પેટ,
રામ કૃપા વિણુ સહુ ગયા કપિલ કોપથી નેટ. ૬૦
રામ કૃપાથી સહુ મળ્યુ પણુ કરયો રામનો ત્યાગ,
પારસમણી જે પામીયો તેથી ઉરાડયો કાગ. ૬૧
રામ ભક્તિ વિણુ કાર્ય સહુ તે જડ મતી સમ જાણુ,
કર્યું ભજન નહીં રામનું તે જન જડ નિરવાણુ, ૬૨
ગુનેગાર સહુ રામના નખશિખ સહિત અપાર,
તોપણુ સન્મુખ નવ ગયા કેમ ક્ષમા કરનાર ૬૩
નર અપરાધી રામના તોપણુ રામ દયાળ,
ક્ષમા કરી અપરાધના પળ પળ લે સંભાળ. ૬૪
એહ દયાળુ રામને ભુલી ગયો કયમ તુજ,
લુણુ હરામી થઈ રહે વધે પાપનો પુંજ. ૬૫
શુક નારદ સનકાદિ સમ ભજે રામ મુનિવૃંદ,
તેં કયમ રામ વિસારીયા અરે મૂઢ મતિમંદ. ૬૬
રામ તણા બળથી ડરે કાળ સમો બળવાન,
તેહ રામનો ડર નહીં તે જન પશુ સમાન. ૬૭
રવિ શશિ રામ થકી ડરે ભ્રમણ કરે દિન રાત,
ડરે ન કયમ દિલ રામથી અતે થશે ઉતપાત. ૬૮
સુર બ્રહ્મા સહુ દેવતા રહે આજ્ઞામાં ઇશ,
આજ્ઞા ગ્રહે ન રામની તે શું બની અધિશ. ૬૯
જેનો પ્રેર્યો પૃથ્વીમાં વાયુ અવિચળ વાય,
તેહ રામને ભુલીયો ભાગ્યહિન જગ માંય. ૭૦
જન સુખ કારણ જગતમાં સૃજે રામ સહુ વસ્ત,
કયમ ભૂલે ઉપકાર તે ગ્રહ્યા ન ગુણુ સમસ્ત. ૭૧
પ્રકાશ આપે રવિ શશિ ભોમી ધારે ભાર,
મેઘ વૃષ્ટિ કરતો સદા સર્વ રામ ઉપકાર. ૭૨

ખાવા પીવા પહેરવા વળી ઓઢવા અંગ,
રામ કૃપાથી સહુ મળ્યાં વિધ વિધ નૌતમ રંગ. ૭૩
આપ્યાં જન હિત ધારીને સ્ત્રી સુત ધન ઘરબાર,
તોપણ ગણે ન રામને ધરી અહંકાર અપાર. ૭૪
એ ઉપકારિ રામને ભજ્યો ન મૂઢ ગમાર,
વ્યર્થ વિષયને કારણે ધરે શિર પર ભાર. ૭૫
ગર્ભવિષે રક્ષા કરી જઠરા અગ્નિ માંહિ,
કૉલ આપી આવ્યો અહીં રામ ભજે કયમ નાહિ. ૭૬
રામ ભજનને કારણે દિધ ઇન્દ્રિય મન પ્રાણ,
તે શું રામ ભજ્યો નહી પડયો વિષયમાં જાણ. ૭૭
રામ નામ સત સંગમાં ઠરે ન ચિત્ત લગાર,
નૃત્ય ખેલ નાટક વિષે ઉપજે મોહ અપાર. ૭૮
પણ તે સર્વ અસત્ય છે સમજ સમજ મન માંહિ,
રામનામ ભક્તિ અભય તે વિણ બીજુ નાહિ. ૭૯
રામ ચરણના શરણમાં અધિક અધિક સહુ સુખ,
મિથ્યા મોહ પ્રપંચમાં દારૂણ થાશે દુઃખ. ૮૦
જેને રક્ષા રામની તેને મારે કોણ,
સિંહ તણી રક્ષા શિરે શિયાળથી શી હાણ. ૮૧
સમર્થ સહુથી રામ છે તેથી વડુ ન કોઈ,
સમર્થને શરણે જતાં કદી વિઘ્ન નવ હોય. ૮૨
માટે હે જન રામ ભજ જો ચાહે કલ્યાણ,
ભક્તિ વિના ભવ વ્યર્થ છે નર તું નિશ્ચય જાણ. ૮૩
જયમ શેવા સુત નારીની કરે તું આઠે જામ,
એક જામ હરિની કરે દૂર રહે નહી રામ. ૮૪
જયમ પ્રીતી સંસારપર તેમ રામ શું જોય,
તેવા નરવર ભક્તથી રઘુવિર દૂર ન હોય. ૮૫
કરવાનું તે નવ કર્યું કર્યું જેહ તે વ્યર્થ,
રામ ભક્તિ વિણ જન તણો કાંઇ સરે નહી અર્થ. ૮૬
શ્વાન શુકર ફરતા ફરે ઘર ઘર ટુકડા ખાય,
રામ ભજન વિણ માનવી શ્વાન સમો કહેવાય. ૮૭

કોટિ રત્નથી નવ મળે મનુંય દેહ પળ શ્વાસ,
રામ ભજન વિણુ સર્વ તેં કર્યો વિષયમાં નાશ. ૮૮
રામનામ અમૃત મળ્યું પીધુ નહી લવ લેશ,
ઉકરડે જઈ રેડીયું પાછળ થાશે કલેશ. ૮૯
મનુષ્ય દેહ સમ મણી મળ્યો ખોયો મિથ્યા સર્વ,
રામ ભજન કીધું નહી ધારી મનમાં ગર્વ. ૯૦
વિષય સાધનામાં ગયો આયુષ્ય રત્ન અમૂલ્ય,
તે સાટે કોડી ગ્રહી રામ રત્ન કીધ તુલ. ૯૧
પુત્ર વેચીને પ્રેમથી ખાય અભાગી બોર,
રામ તજી માયા ગ્રહે નર નહીં નિશ્ચય ઢોર. ૯૨
ઘણી ગઇ થોડી રહી તોપણુ ચેતે નાહિ,
રામ ભજન તક નહીં મળે મનુષ દેહ જગમાંહિ. ૯૩
કામ તણો કિંકર બન્યો નારી તણો ગુલામ,
દેહદામથી બાધીયો પામર ભજ્યો ન રામ. ૯૪
રામ નામમાં સુખ ઘણું તે તજી અવળો જાય,
ગંગા તીરે ઘેલડો કુપ નીરમાં નાય. ૯૫
રામ નામ તજી રંગથી ઝીલે મદમાં જન,
કલ્પ વૃક્ષને મુકીને બાવળ મોહે મન. ૯૬
રામ નામ અમૃત સદા વિષય વિષની ધાર,
અમૃત મુકી વિષ પીયે કેમ કુશળ થાનાર. ૯૭
રામનામ નૌકા ભલી ભવજળ પામે પાર,
શ્વાન પુંછ ગ્રહી કયમ તરે બુડે જળ મોઝાર. ૯૮
માટે મુખથી રામ કહો કહોને વારંવાર,
રામનામ અમૃત તણો કરો સર્વદા આહાર ૯૯
મરણ જનમનો ભય મટે લખ ચોરાશી જાય,
આગમ સુધરે આપનું જ્ઞાન ગંગમાં ન્હાય. ૧૦૦
રામ નામ નિશ્ચય ગણો જનને તારણ હાર,
એથી અધિક જગમાં નથી કહે સર્વ નિરધાર, ૧૦૧
આ શતશાઈ રામની અંતર ખોલી જોય,
એકેક અક્ષર રત્ન સમ ભાસે ગુણમય સ્હોય. ૧૦૨

જ્ઞાની જનને કામનું નહીં અન્ય અધિકાર,
દૈવીને દુર્લભ દિસે થાય અસુરને ભાર. ૧૦૩
વાયસ તે કયમ વાપરે મોતી મોંઘાં મૂલ,
હંસ ગ્રહે તે હેત શું ગણી કિમત અતુલ. ૧૦૪
સાકરના શીરા તણો સ્વાદ લહે જમનાર,
ઉંટતણું મન આથડે બાવળ વડ મોઝાર. ૧૦૫
કુસુમ પરાગ સદા ગ્રહે ભોગી ભ્રમર સુજન,
ગેંગો જાણે ગુણ કયમ રહ્યું છાણમાં મન્ન. ૧૦૬
તેમ રામનું નામ રહે પુણ્યવંતની પાસ,
પાપીથી પ્રભુ વેગળા વસે ન હ્રદયે વાસ. ૧૦૭
રામનામ અમૃત તણુ ભાગ્યવાન કરે પાન,
અકરમીના ઉરમાં વસે નહીં ભગવાન ૧૦૮
આ શતશાઇ રામની હરિજન રાખે હેત,
ગોવરધન કહે જ્ઞાનિને ભક્તિ ઉદય કરી દેત. ૧૦૯
રામ તણો આશ્રય ગ્રહયો તેનું ભાગ્ય અપાર;
ગોવરધન શ્રી રામ પદ જીતે સહુ સંસાર. ૧૧૦
નગરી શ્રી ડાકોર શુભ જ્યાં લક્ષ્મીવર વાસ,
તે લક્ષ્મીવર આશરે વસુ ધરી વિશ્વાસ. ૧૧૧
આ શતશાઇ પ્રેમથી ભણે પ્રભાતે જેહ,
બળ બુદ્ધિ બહુ ધન વધે લહે રામ શું સ્નેહ, ૧૧૨
વંઝા નારી જો ભણે પામે રૂડા પુત્ર,
નારી વિનાનો જનભણે પામે સુખ ઘર સુત્ર. ૧૧૩
એવો મહિમા રામનો જપો નિરંતર રામ.
ગોવર્ધન કહે ભવ તરો મળે મોક્ષનું ધામ. ૧૧૪

इति श्री रामशतशाइ भट्ट गोवर्धन विरचित समाप्त.

શ્રી

શ્રી કૃષ્ણ સ્તવન મંજરી.

દોહરા.

જય જય શ્રી કૃષ્ણ પ્રભુ જય કૃપાળુ જગ નાથ,
વંદુ વિભુ તુજ ચરણને, અશરણ શરણ અનાથ. ૧

ટીકા—હે પરમાત્મને શ્રીકૃષ્ણચન્દ્ર ! તમારો જય હો ! જય હો !! તમો અશરણના શરણ છો, તમો દિન જનોનુ પાલન અને પોષણ કરો છો, અને તેવા દયાળુ વિશ્વના પિતારૂપ જે તમે તેને સર્વ કોઇ વિશ્વંભર કે અનાથ નાથ કહે છે, તે સત્ય છે. તેવા અનાથનાથ મહાપ્રભુ અને દેવાધિદેવ દયાળુ પરમાત્માના ચરણ કમળને વિષે હુ પ્રણામ કરૂ છુ, કારણ તે ચરણાર્વિંદ તેજ કેવળ મોક્ષના આપનાર છે, અને તેથીજ તે ચરણનો મહિમા સર્વત્ર વ્યાપ્ત છે, કારણકે તે ચરણનો માત્ર સ્પર્શ થતાજ ગોત્તમ ઋષિની અહલ્યા નામની સ્ત્રી જે પતિના શાપથી પતિત થઇ શિલારૂપ થઈ હતી, તે પાવન થઇ સ્ત્રી રૂપ થઇ છે, તેજ ચરણનો સ્પર્શ થતાં કંશ જેવા દુરાત્માનો પણ ઉદ્ધાર થયો છે, તેમજ પુતના, સકટાસુર, કુવલયાનંદ, બકાસુર અને પ્રમિલાર્જુન આદિકના મોક્ષનુ સાધન પણ શ્રી કૃષ્ણના ચરણજ છે, તેવા અગાધ ગુણવાળા અને બળવાળા શ્રીકૃષ્ણ ભગવાનને હુ નમસ્કાર કરૂ છુ.

શરણાંગત વત્સલ સદા, શ્રી પ્રભુ કૃષ્ણ કૃપાળ,
અધમ ઉદ્ધારણ સુખ કરણ, દાતા પરમ દયાળ. ૨

ટીકા—હે કૃપાળુ શ્રીકૃષ્ણ ભગવાન ! તમે સદાકાળ શરણાગત વત્સલ છો, એટલે જે પુરૂષ બીજા સર્વ કોઇનુ શરણ મુકી માત્ર તમારાજ શરણમાં વસે છે, તેવા ભક્તજન ઉપર તમારી ઘણીજ પ્રીતિ થાય છે, અને તેને પુત્ર પેરે પાળી કોઇ પ્રકારનું સંકટ થવા દેતા નથી, વળી તમે મહા દયાળુ છો ! કારણકે આ જકતના મહા અધમ અને પાપી જીવો કે જે તમારા પરમ ઉપકારના બદલામાં સદા અપકારજ કરે છે તોપણ તમે તેમના ઉપર કોપ નહીં કરતાં સદા પોષણ કરી સુખ આપો છો, એ તમારી મહાનતા અને દયાળુતા જણાઇ આવે છે, અને તેથીજ તમો સર્વ જકતના પિતા છો એમ સર્વને પ્રતિતિ થાય છે.

તુજ મહિમા ગાવા તણી, મતી ન ચાલે મુજ,
જ્યમ સાગર જળ માપવા, ઇચ્છા કરે અણુજ. ૩

ટીકાઃ—હે શ્રીકૃષ્ણ ભગવાન ! ત્હારો મહિમા અપાર છે, યોગિજનો હજારો વર્ષ સુધી તપ તપીને કે સમાધિષ્ટ થઇને અને બીજા હજારો મનુષ્યો એકાદશી, ચાન્દ્રાયણ અને શાંતપન આદિ વ્રતો આચરી દેહ ગાળી નાખે છે, તેમજ ઘણા મનુષ્યો સંસારના તમામ સુખનો પરિત્યાગ કરી અરણ્યવાશી થઇ સદાકાળ જીવ્હાવડે માત્ર હે કૃષ્ણ ! હે કૃષ્ણ ! એમ જપ જપી રહ્યા છે. તેવાઓ પણ ત્હારો મહિમા જાણવા અશક્ત નિવડયા છે ! તો હું તે કેમ જાણી શકું ? અને એ ત્હારો મહિમા અગાધ છે કે કોઇ પણ જાણી શકવા સમર્થ થતો નથી, જેમ કોઇ મૂર્ખજન સમદ્રનુ જળ માપવાની ઇચ્છા કરે ! પણ તે માપી શકાયજ નહી, તેમજ ત્હારો મહિમા સંપૂર્ણ જાણવાની કોઇ ઇચ્છા કરે; તો તે પુરેપુરો જાણી શકાયજ નહી, કારણકે સમુદ્રનું જળ જેમ અમાપ છે, અને અગાધ છે, તેમ ત્હારો મહિમા તપણ અમાપ અને અગાધ છે, તેમજ કલ્પનામાં ના આવ તેવો છે.

કૃષ્ણ કૃપા નિધિ કોટિ વિધ તુજ બળ અગણિત ઇશ,
સારદ શેષ મહેશ સુર જપે જાપ જુગદિશ. ૪

ટીકાઃ—હે જકતના ઇશ્વર શ્રીકૃષ્ણ ! તું કોટિ પ્રકારથી દયાનો સાગર છે, કોટિ પ્રકારથી કહેવાનુ કારણ કદાચ ત્હારા ભક્તજનોપર, કે પવિત્ર મનુષ્યોપર તો તું દયા કરે એ સ્વાભાવિક છે પરન્તુ દુરાત્મા અને અધમ પુરૂષ કે જેઓ ક્ષણે ક્ષણે ત્હારો અપરાધ કરે છે; ત્હારા વચનો રૂપ વેદ અને શાસ્ત્રોની અવગણના કરે છે; તું વિશ્વપતિની આજ્ઞાઓ ભંગ કરે છે, તેમજ તું જે મહા સમર્થ છે, તોપણ તારો ડર નહીં રાખતાં અનેક પ્રકારના પ્રપંચો અને દુષ્ટ કાર્યોમા મચી રાત્રી દિવસની સાઠ ઘટિકામાં એક ઘટિકા પણ તું મહાપિતાને સંભાળતા નથી, કે અનેક અપરાધો કર્યાં છતાં પણ તારી ક્ષમા માગતા નથી; તેવા દુષ્ટજનોપર તારી સદા કૃપા અને દયા સરખીજ રહે છે, અને પુત્રપેરે સંભાળી તેનું પોષણ કરે છે, તેથી તું પરમાત્માને કોટિ વિધથી દયાનો સાગર છે એમ વિશેષ ઉપમાએ કહ્યું છે, હે ઇશ્વર ! ત્હારૂં બળ તે પણ ગણી કે જાણી શકાય તેમ નથી; કારણકે, સૂર્ય, ચન્દ્ર, પૃથ્વી, સમુદ્ર એ આદિ જે વસ્તુઓ કે જેમાં માણુસની બુદ્ધિનો પ્રવેશ થઇ શકતો નથી; તેવી વસ્તુઓનો પણ બનાવનાર તું છે, તો એવું ત્હારૂં અગાધ બળ જાણવા કોણ શક્તિવાન છે વારૂ ? જો કે

સરસ્વતિ, કે જે સર્વ વિદ્યા માત્રની અધિષ્ઠાતા દેવી છે, તેમજ શેષ કે જે આ પૃથ્વીને ધારણ કરી રહ્યા છે, તેમજ શિવ જે ત્હારૂં પોતાનુંજ રૂપ છે તેવા દેવતાઓ પણ તારી ગહન ગતીને સમજી શક્યા નથી, જેથી તે વિચાર કરવો બંધ કરી માત્ર મુખવડે હે કૃષ્ણ! હે કૃષ્ણ! એમ જપ કરી રહ્યા છે.

નેતિ નેતિ તત્ શબ્દથી વદે પુકારી વેદ,
બ્રહ્મા સમ ભૂલા પડયા ભાખ્યો નહીં તુજ ભેદ. ૫

ટીકા:—હે કૃષ્ણ પરમાત્મને! ત્હારા બળને અને સ્વરૂપને વેદ પણ જાણી શક્યા નથી, અને અંતે "નેતિ નેતિ" એવા શબ્દથી વિરામ પામ્યા છે, એટલે બ્રહ્મા કે જેઓ વેદના કર્તા છે તે પણ ત્હારા અપાર ગુણ અને અપાર શક્તિને નહી જાણવાથીજ વેદમાં **નેતિ નેતિ ન ઇતિ જેનો અંત નથી, અથવા તેના જેવો બીજો કોઈ નથી.** એમ લખી ગયા છે, બીજી રીતે અર્થ કરતાં-શ્રીકૃષ્ણ ભગવાનનું બળ અને મહિમા બ્રહ્માએ પણ જાણ્યાં નહી, જેથી વન્દ્રાવનમાં જઈ કૃષ્ણની ગાયોના વાછરડા લઇ ગયા, પણ જ્યારે કૃષ્ણ પરમાત્માએ તેવાંજ નવાં વાછરડાં પોતાની ઐશ્વર્યતાથી બનાવા મુક્યા ત્યારે બ્રહ્મા પણ સમજ્યા કે આ ઇશ્વર છે, એવો પ્રતિબોધ થવાથી તે કૃષ્ણ પરમાત્માની સ્તુતિ ઉચ્ચારવા લાગ્યા.

સુરપતિ પણ સમજ્યો નહી, તુજ ગતિ ગુણ ગોવિંદ,
અવર મનુષ્ય શું કથિ શકે, ગેંગા ગુણ અરવીંદ.

ટીકા:—હે શ્રીકૃષ્ણ! સુરપતિ એવો જે ઇન્દ્ર તે પણ ત્હારા સામર્થ્યને જાણ્યા વિના બારે મેઘને સાથે વર્સાવી ગોકુળ અને વન્દ્રાવન આદિ સર્વ સ્થળો જળમાં ડુબાડી દીધા. પણ જ્યારે ત્હેં પોતાના સામર્થ્યવડે ગોવર્ધન પર્વતને માત્ર લીલા વડેજ એક હાથથી ઉંચો કરી તે તળે ગોપ ગોપિકા આદિ વ્રજ મંડળ અને વાછરડાં સહિત સર્વ ગાયોને રાખી પોતાની માયાવડે સર્વનું રક્ષણ કીધું; અને ઇન્દ્ર જે કે તેત્રિશ કોટિ દેવનો રાજા હતો તોપણ તેનું બળ તું મહાપ્રભુ આગળ ચાલ્યું નહી, ત્યારે તેણે તું ઇશ્વરને ઇશ્વર જાણી સ્તુતી કરી ક્ષમા માગી, આવી રીતે ઇન્દ્ર રાજા પણ ત્હારી અદભૂત કળાને જાણી શક્યો નહીં, તો હે પરમાત્મને કૃષ્ણ! બીજા અન્ય મનુષ્ય તે તારી ગતીને કે બળને કેમ પામી શકે? જેમકે છાણ અને વિષ્ટામાં વસનાર ગેંગા નામનો જીવડો કમળની સુગંધીને જાણી શકતો નથી, તેમજ

માયા અને પ્રપંચોમાં વિંટાએલા મનુષ્યથી ત્હારા અપાર ગુણ જાણી શકાતા નથી.

પ્રભુ તુજ ગુણ અવધી નથી, શોધ્યા તત્વ તમામ,
શહસ્ત્ર જીવ્હા શેષની, તોપણ હાર્યા હામ. ૭

ટીકા:—હે કૃષ્ણ પરમાત્મને ! અનેક પ્રકારનાં શાસ્ત્રો, અને સર્વ ધર્મના તત્વો તપાસતાં પણ ત્હારા જે અગણિત ગુણોની અવધી માલમ પડતી નથી, કારણકે કોઇપણ શાસ્ત્રે ત્હારા અપાર ગુણનો અંત મેળવ્યોજ નથી; એટલુજ નહીં પણ શેષ કે જેને હજાર રસના (જીભ) છે અને હજાર રસનાઓવડે નિરંતર ત્હારો જાપ જપે છે, અને ગુણ ગાય છે, અને તેમ કરતાં અનેક કલ્પ વહી ગયા, તથાપિ ત્હારા ગુણનો અંત પામ્યા નથી.

મુની મારકંડ મથ્યા જુઓ, લક્ષ વરસ વશી વન્ન,
હરિગુણ અવધી નવ જડી, વદતાં વિમળ વચન્ન. ૮

ટીકા:—હે કૃષ્ણ પરમાત્મને ! માર્કંડ મુનિ કે જેમણે લાખો વર્ષ વનમાં વસી ભગવાનનુ તપ કીધુ, અને ગુણ ગાયા તોપણ તેઓને ત્હારા ગુણની શિમા મળી નહી, જેથી અંતે માત્ર ત્હારા ચરણારવિંદનું સ્મર્ણ કરી વિરામ પામ્યા

સાગર જળ પ્રાશન કર્યું, ધારી તનમાં ટેક,
અંત મળ્યો અગત્સ્યને, હરિગુણ વાદ વિવેક. ૯

ટીકા:—હે કૃષ્ણ ! અગત્સ્ય મુનિ કે જે આખા સમુદ્રનુ જળ પી ગયા હતા, તેવા મહા બળવાન સિદ્ધિવાળાને પણ તમારી કળા અને ગતીની માલમ પડી નહી, જેથી સર્વ દેવતાઓને અમરાપુરમા આવી ઉપદેશ કરવા લાગ્યા કે ઇશ્વર જે કે તેનો પાર પામવા કોઇ શક્તિવાન નથી.

મુનિ વાલ્મિકિએ વળી, વળી ભાખ્યા પુરણ ભેદ,
શિમા મળી નહીં શાસ્ત્રમાં, ઇશ્વર ગુણ અભેદ. ૧૦

ટીકા:—હે ભગવાન ! વાલ્મિકિ મુનિ કે જેમણે ત્હારા રામાવતારનું વર્ણન સાત કોટી શ્લોકવડે કીધુ અને ત્હારા ગુણ ગાયા, તથા એ સાત કોટિ શ્લોકવડે ગુણ ગાતાં પણ ત્હારા અગાધ ગુણ અને અતુલ શક્તિ પરાક્રમનો પાર આવ્યો નહીં.

સમર્થના શક્તિ જ્યહાં પહોંચી નહી લવલેશ,
તો હું તૃણવત કયમ લહું અલ્પ મતી અવિશેષ. ૧૧

ટીકા—હે દેવાધિ દેવ શ્રીકૃષ્ણ ! બ્રહ્મા ' આદિ મહા સમર્થ મહાત્માઓની શક્તિ જે કાર્ય કરવા પહોંચી શકી નથી ! વળી જુઓ કે આ ત્હારૂ સરજેલું જે જક્ત છે તેમાંજ અનેક તરેહના મતભેદ ચાલી રહ્યા છે, એટલે કોઇ શાસ્ત્રવેત્તા કહે છે કે પૃથ્વી સ્થિર છે, અને સૂર્ય ફરે છે. કોઇ કહે છે કે સૂર્ય સ્થિર છે અને પૃથ્વી આદિ બીજા ગ્રહો સૂર્ય પાછળ ફરે છે. કોઇ કહે છે કે સૂર્ય એ પણ એક પૃથ્વી છે, અને તેમાં પણ મનુષ્ય આદિ જીવો વસે છે, કોઈ કહે છે કે ચન્દ્ર શામ વર્ણ છે, કોઇ કહે છે કે પૃથ્વી અથવા સૂર્ય ચન્દ્રના ભ્રમણથી એક બીજાનો છાંયો પડવાથી ગ્રહણ થાય છે તો કોઇ કહે છે કે રાહુ નામનો ગ્રહ આડે આવી સૂર્ય કે ચન્દ્રનું ગ્રહણ કરે છે. હે પરમાત્મન્ન ! આમ ત્હારી બનાવેલી વસ્તુનું પણ હજુ સુધી કોઇને પુરતું જ્ઞાન થયુ નથી તો તેવી અનેક વસ્તુઓને બનાવનાર તું ઇશ્વર છે, તો તારી ગતીનું જ્ઞાન તો શી રીતે થાય ! અને જેમાં તેવા સમર્થની બુદ્ધિ પણ પાછી પડી છે, તો હું જે કે તૃણવત્ મનુષ્ય અલ્પ, બુદ્ધિનો અને અપુર્ણ છુ તેવો હું ક્ષુદ્રજન તારા ગુણનો પાર કેમ પામી શકુ ' !

અગણિત ગુણ ત્હારા પ્રભુ, મુજથી કેમ વદાય,
સુર્પ થકી સાગર તણું, જળ કયમ ખાલી થાય. ૧૨

ટીકા—હે વિશ્વના નાથ ! ત્હારા ગુણ અને ગતી તે કોઇથી ગણી શકાય તેમજ નથી, કારણ કે તે અગણિત છે. તો તે ગુણનુ વર્ણન કરવા હે અતરયામિ ' મારા અલ્પ મનુષ્યનામાં કયાંથી શક્તિ હોય ? અને તે વર્ણવતાં પાર પણ કયમ આવે ! ' જેમ કોઇ સુર્પ (સુપડુ) વડે સમુદ્રનુ જળ ખાલી કરવા ઇચ્છા કરે ! પણ તેની ધારણા કેવળ નિષ્ફળજ જાય ' તેમ હે દયાસિંધુ ! ત્હારા ગુણ ગાવા કે ત્હારી માયા કે બળ જાણવાની હું ઇચ્છા કરૂ તે કેવળ વ્યર્થજ છે, માત્ર હે કૃષ્ણ ' હે કૃષ્ણ ! એમ પ્રેમવડે કરી વદવું એજ મારે શ્રેષ્ઠ છે.

રવિ કિરણ જગ રજકણો, ગણે કોઈ મતિ વાન.
પણ હરિગુણ ગણનાર કો, થયો ન કંઈ બળવાન. ૧૩

ટીકા—હે રાધિકેશ ભગવાન ' સૂર્યનાં કિરણો ગણી શકે તેવો, અથવા જક્તમાં ઉડતાં ઝીણાં રજકણો ગણનાર કોઇ મહા બુદ્ધિમાન પુરૂષ આ ત્હારી સર્જેલી સૃષ્ટિમાં કંઇક પણ નિપજ્યો હશે ! પરતુ તું પરમાત્માની શક્તિની તુલના કરનાર; બુદ્ધિની અવધી બાંધનાર, કે અપાર ત્હારા ગુણોની ગણના કરનાર કોઈ પણ થયો હશે નહી.

નગ શિખરે ચઢવા ચહે, પંગો ધરી ઉલ્લાસ,
હસ્તિ સાથ પિપિલિકા, કરે વિચરવા આશ. ૧૪

ટીકા—હે ગુરૂડાધિશ શ્રીષ્ણુ ! જેમ કોઇ પગ વિનાનો પાંગળો માણુસ મોટા પર્વતના શિખરપર ચઢવાની ઇચ્છા કરે ! અથવા એક ઝીણી કીડી તે હાથિ સાથે ચાલવાની ઇચ્છા કરે ! તે સહુ વ્યર્થ છે. તેવીજ રીતે હે વિશ્વંભર કૃષ્ણચંદ્ર ! કોઈ મનુષ્ય ત્હારા રૂપનું, ત્હારા ગુણનું, ત્હારાં કાર્યોનુ કે ત્હારી અદભૂત શક્તિનુ સંપુર્ણ વર્ણન કરવા ઇચ્છા રાખે તે પણ વ્યર્થ છે.

સાગર જળ પ્રાશન ચહે, મેડક ધરી અહંકાર,
ઇચ્છે અળશિયું શિરપર, ભોમી ધરવા ભાર. ૧૫

ટીકા—હે વિશ્વનાથ ! વળી જેમ મેડક(દેડકુ) નામનુ જીવડું કે જે પાણીમાં રહે છે તે સમુદ્રનુ સઘળુ જળ પીવાનુ ધારે ! અથવા અળશીયું (ચોમાસામાં લાબા સાપના કણા જેવા જીવડા પાણીમાં કે માટીમાં દેખાય છે તે) કે જે આ પૃથ્વીનો સઘળો ભાર પોતાના માથાપર ધારણ કરવા ઇચ્છે, એ કવળ વ્યર્થ છે ! અને તેમ કદી બનેજ નહી તેવીજ રીતે હે વિશ્વનાથ ! ત્હારા ગુણ બળની ગણના કરવા કોઈ મનુષ્ય ધારણા રાખે તે કેવળ વ્યર્થજ છે

એવા બળનિધિ ગુણનિધિ, કૃષ્ણ કૃપાળુ જાણ,
મુજથી જેહ વદાયતે, કરજો પ્રભુ પ્રમાણ. ૧૬

ટીકા—હે દયા સાગરા કૃષ્ણ ! જે કે બળનો અને ગુણનો ભંડાર છે, મહાપરાક્રમવાળો અને અગાધ બુદ્ધિવાળો છે ત્હારા સદ્ચરિત્રો. વિવિધ કળાઓ અને લીલાઓ પણ અપાર છે. તેમજ સર્વ પ્રકારે તું મહાદયાળુ છે, તે સઘળી પ્રકારનું ત્હારૂ વર્ણન કરવા મારામા શક્તિ નથી. તથાપિ તે સર્વ ગુણમાંથી હુ જે કઈ કહી શકુ, અથવા શુદ્ધ અશુદ્ધ વાણી કે શબ્દોવડે જે ત્હારા ગુણ ગવાય તે સર્વ હે પરમાત્મન્ન તું માન્ય કરજે, એ મારી યાચના છે શાથી કે—

અમૃત સમ હરિગુણ તણો, ભરીયો અબ્ધિ અપાર,
તેમાંથી કિંચિત કથે થાય, અમર અવતાર. ૧૭

ટીકા—હે જગદિશ્વર ! ત્હારા ગુણ અને કીર્તિરૂપ અમૃતનો મહાસાગર ભરેલો છે, એટલે આખા વિશ્વમાં ત્હારા ગુણ કીર્તિ બળ આદિનો મહિમા સપુર્ણ વ્યાપ્ત છે. ત્હારા બળવડે સમુદ્ર મર્યાદામાં રહ્યો છે. ત્હારા બળવડે આકાશ ભુવનમાં સૂર્યચન્દ્ર જક્તને પ્રકાશ આપે છે, અને ત્હારા બળવડે પૃથ્વી સ્થિર થઇ જક્તને ધારણ કરે છે. એ સર્વ માત્ર ત્હારી શક્તિનોજ પ્રભાવ છે એવા ત્હારા અપાર

ગુણોમાંથી મારાથી સ્હેજ પણ જાણી શકાય, અથવા ક ી શકાય, એટલે ત્હારા ગુણામૃતનું સ્હેજ પણ મારાથી પાન થાય, તો તેટલા વડેજ હું અમર થાઉ ! કારણકે ત્હારા સ્હેજ સંબંધથી પણ મનુષ્યને મરણ જન્મનો ફેરો ટળી જાય છે; અને આત્મા કેવળ શુદ્ધ બ્રહ્મરૂપ થઇ ત્હારા નિર્વિકાર સ્વરૂપને વિષે અંતે લીન થઈ અમરગતીને પહોંચે છે.

તેમ જાણી જુગદિશનાં, ગાવા ચાહુ ચરિત્ર,
મુજ કુળ સુદ્ધાં સર્વદા, થાઉ પરમ પવિત્ર.

ટીકા—હે કૃપાળુ શ્રીકૃષ્ણ ! એવો ત્હારો અપાર મહિમા ! પવિત્ર અને મહાન ચરિત્ર ! અને અપાર દયાની દ્રષ્ટિ ! એવા સર્વ શુભ ગુણો ગાવાની ઇચ્છા રાખું છુ, કારણકે મને જ્ઞાન થયું છે કે તું પરમાત્માનાં ચરિત્રો શુદ્ધ અંતઃકરણથી ઉચ્ચારતા આખા કુટુંબ સુદ્ધાંત પવિત્ર થઇ તરી જાય છે. જેમકે—

પારસમણીના સ્પર્શથી, લોહ કનક સમ હોય,
ત્યમ હ ણ અમૃત થકી, થાય અમર તન સ્હોય. ૧૯

ટીકા—હે કલ્યાણ રૂપ પરમાત્મા ! પારસમણીનો સ્પર્શ થતાં તત્કાળ લોહનુ સુવર્ણ બની જાય છે. એટલે લોહનું સોનું બનાવવા નો પારસમણીમા ગુણ છે, તેનીજ રીતે ત્હારી ભક્તિ અને ગુણરૂપ અમૃતનુ પાન કરવાથી કેવળ શુદ્ધ અને વિકાર વિનાનો બની અતે સત્ય ધામમા પહોચવાનો અધિકારિ થાય છે એ ત્હારા નામનોજ માત્ર ગુણ છે

જયમ લઘુ દિપક ભુવનમાં, કરે તિમિરનો નાશ.
ત્યમ કિંચિત હરિ ગુણ થકી, અંતર વસે અવિનાશ. ૨૦

ટીકા—હે અવિનાશી ! જેવા નાનો સરખો દીવો મોટા ભુવનના અધકારનો નાશ કરી નાખે છે, તેનીજ રીતે ત્હારા સ્હેજ ગુણનુ કથન થતાં અથવા ત્હારી ભક્તિ કરતા પ્રાપ્ત થએલા મહા પુણ્યરૂપ દિપકવડે કરી આ આત્મામાં રહેલો અજ્ઞાનરૂપ અંધકાર તત્કાળ નાશ પામી ત્હારા શુદ્ધ તેજોમય અને નિર્વિકાર પરિબ્રહ્મનો જ્ઞાનરૂપ પ્રકાશ ઉદય પામે છે.

એવા હે જગદિશ્વરા, નમું હું વારંવાર,
તું પ્રભુ જગપતિ જગમહીં, વ્યાપક સચરાચાર. ૨૧

ટીકા—હે પરાત્પરા ! હે જગતના ઇશ્વર ! એવો જે મહા શક્તિવાળો તું ઇશ્વરને હું વારમવાર શુદ્ધ અંતકરણથી પ્રણામ કરૂંછું. હે પ્રભુ ! તું આખા જક્તનો સ્વામી છે, અને વળી આખા જક્તમાં

સચરાચર વ્યાપેલો છે, ત્હારા વિના અખિલ બ્રહ્માંડમાં પણ અણુ જેટલી જગ્યા ખાલી નથી, અને જો હુ અંતર દ્રષ્ટિથી નજર કરૂ છું, ત્યાં સર્વ સ્થળે તું પરમાત્મા આપોઆપ જણાઇ આવે છે. અને આખું ભુવન ભરપુર છે.

ગુપ્ત નથી કંઇ તુજથી, મનુષ્ય કૃતી ગતી જ્ઞાન !
ગુપ્ત ગણે તુજથી પ્રભુ, તે મુરખ નાદાન. ૨૨

ટીકા—હે ભગવાન! મનુષ્ય માત્રનાં કાર્ય, વિચાર, જ્ઞાન કૃતિ એ આદિ કંઈ પણ ત્હારાથી છાની નથી; એટલે તું સર્વનો જ્ઞાતા છે, જેથી વેદ તને "**अन्तर्यामि**" કહે છે. અને જેથી કોઇ પણ મનુષ્ય ત્હારાથી છાનાં કાર્ય કરવા ધારે તે બુદ્ધિ વિનાનો મૂર્ખ અથવા બાળક છે.

મહિમા મોટો નામનો, જરા ન બેસે દામ,
પક્ષ થાય પરિબ્રહ્મની, સુધરે સઘળાં કામ. ૨૩

ટીકા—હે દેવાધિદેવ! ત્હારૂં નામ એ મહા પાવનકારી અને અતુલ મહિમાવાળું છે. કારણ કે હે કૃષ્ણ! હે રામ! હે રામકૃષ્ણ! એ નામ માત્રથીજ ઘણા લોકો મોક્ષ પદવીએ પહોચ્યા છે, તે કારણ મહાત્માઓ ત્હારા નામને આ ભવરૂપ મહાસાગર તરવાને વહાણની ઉપમા આપે છે. એવું મહા મૂલ્યવાન અને આગળ જણાવ્યા પ્રમાણે પારસમણીરૂપ ત્હારૂ નામ છે, તોપણ તેની કાંઈ કીમત બેસતી નથી. વળી એ ત્હારા નામનો મહિમા ગાવાથી તું જે મહા સમર્થ અવિનાશી ઇશ્વરની પક્ષ થાય છે, એટલે ત્હારી સહાયતા મળે છે, જેથી સર્વ કામ સુધરી જાય છે.

તેવા કૃષ્ણ કૃપા નિધિ, સમરણ કરતાં આજ,
આ લોકે સુખ સાંપડે, પરલોકે રહે લાજ. ૨૪

ટીકા—હે કૃપાનિધિ શ્રીકૃષ્ણ ભગવાન! મહા સમર્થ તુ પરમેશ્વરનુ સ્મરણ કરતાં આ લોકમાં સર્વ પ્રકારનુ સુખ પ્રાપ્ત થાય છે એટલે ત્હારી કૃપા વડેજ સ્ત્રી ધન પુત્ર આદિ મળે છે અને વળી મૃત્યુ પાછળ તારા નામ સ્મર્ણ રૂપ પુણ્ય વડે પરલોકે ઉંચ ગતી પ્રાપ્ત થાય છે. અને યમદુત તારા નામપ્રતાપ વડે સમિપે આવતાજ નથી.

એમ જાણી પ્રભુ સર્વદા, જપુ તમારૂ નામ,
ભવસાગર સ્હેજે તરૂ, દોહિલીવેળા દામ. ૨૫

ટીકા—હે ઇશ્વર! એવી રીતે ત્હારો અપાર મહિમા જાણી નામ જપુ છુ અને હું જાણું છું કે આ સંસારરૂપ મહા વિષમ

સાગર તરવામાં ત્હારી ભક્તિ એજ સાધન છે અને ત્હારા નામરૂપ મોટું નાણું—ધન છે, તે મારી દોહિલી વેળા કે જે વેળાએ આ દેહ મરણ પામવા તૈયારીમાં હશે! યમના દુતો કંઠને રોકીને બેઠા હશે! કફ જે કે આ શરિરના દશ દ્વારને બંધ કરી દેશે, અને ઇન્દ્રીયો પોતાનો ધર્મ ભુલી કેવળ શિથિલ થઇ જશે, તેવા મહા સંકટની વેળાએ તું પરમાત્માજ મને સ્હાય કરીશ ' તે વખતે પુત્ર, સ્ત્રી, ધન, એમાંનું કોઇ સ્હાય થવાનું નથી. કોટિ ધન સંપત્તાં અને સર્વ સ્નેહી સગાંનું ત્યાં કઇપણ ચાલવાનું નથી તે વખતે મારો બેલી તું ઇશ્વરજ છે.

પારસ રૂપ પ્રભુ સદા, નામ તુંજ નિરધાર,
કઠણ લોહસમ મુજ હ્રદય, કાંચન સમ કરનાર. ૨૬

ટીકા—હે વિશ્વંભર! વળી તારૂ રૂપ પારસ મણી રૂપ છે એવું આગળ જણાવ્યુ છે, તે નિશ્ચય છે કારણ કે પારસમણી જે કે લોહને સ્પર્શ થતાંમાત્ર કાંચન બનાવે છે, તેવીજ રીતે મારૂ હૃદય જે લોહ રૂપ મહા કઠણ છે, તેને તારા નામ રૂપ પારસ મણીનો સ્પર્શ થતાં કેવળ શુદ્ધ વિકારરહિત જ્ઞાનવાન કાંચન રૂપ થઇ જાય છે; એટલે અજ્ઞાન રૂપ લોહપણું તે ત્હારા જ્ઞાનરૂપ પારસના સ્પર્શથી ટળી જઇ અખંડાનંદ કાંચનરૂપ બને છે.

વળી પારસથી અધિક કહુ, નામ તુજ ભગવાન,
પારસ નિજ સમ નહીં કરે, કરે તું નિજ સમાન. ૨૭

ટીકા—હે દયાળુ! વળી ત્હારૂ નામ પારસ રૂપ છે એમ આગળ કહ્યું છે, પરતુ આ સ્થળે હુ એમ કહું છુ કે પારસમણી થકી ત્હારૂ નામ ઘણુંજ ઉત્તમ છે. કારણ કે પારસમણી લોઢાને સોનારૂપ બનાવે છે. પણ પારસમણી રૂપ બનાવી શકતી નથી. એટલે પોતાની સમાન બનાવી શકતી નથી. પણ ત્હારૂ નામ કે જે લોહરૂપ અધમને પણ ત્હારા પોતાના સમાન બનાવી દેછે, એટલે પોતાના અંગને વિષે બ્રહ્મરૂપમાં ભેળવી એક નિર્વિકલ્પ બનાવી દે છે, જેમકે મીરાંબાઇ, નરસિંહ મહેતા અને રોહિદાસ જેવા ભક્તોને પોતામાંજ લીન કરી લીધા છે. વળી—

હેમ બને પારસ થકા, પણ તેમાં કલિ વાસ.
તુજ નામ રૂપ હેમમાં, આપ વસે અવિનાશ. ૨૮

ટીકા—હે કૃપાના સાગર ઇશ્વર! જો કે કદાપિ પારસમણીના સ્પર્શથી લોહનું સોનુ બને છે ખરૂં? પરંતુ તેવા સોનામાં કલિનો

વાસ છે, એવું મોટા પુરૂષો કહે છે. કારણ કે કનક, કાન્તા કામની એ ત્રણ કલિનાં રૂપ છે, અને તે ત્રણે વસ્તુમાં સદાકાળ કલિ વશેલોજ છે પરંતુ તારા નામ રૂપ પારસવડે થએલા જ્ઞાન રૂપ સુવર્ણમાં નો નું પોતેજ અંતર્યામિ વશેલો છે. માટે તે પ્રમાણે તપાસતાં પણ પારસમણી થકી ત્હારૂ નામ સદાકાળ ઉત્તમ છે. વળી—

કંઇક કવિ આગે થયા, કીધા બહુ ઈતિહાસ,
પણ વાલ્મિકિ વ્યાસ એ, નામે થયા પ્રકાશ. ૨૯

ટીકા—હે ઇશ્વર ! જક્તમાં ત્હારા નામનોજ મોટો પ્રતાપ છે, એ સત્ય સમજાય છે, કારણ કે આગળ અનેક કવિઓ થયા, અને તેમણે અતી ઉત્તમ એવાં ઇતિહાસ, કાવ્ય, નાટક, એ આદિ ઘણા પુસ્તકો રચ્યા છે, તોપણ તે જક્તમાં અતી પ્રકાશ નથી પરંતુ વાલ્મિકી મુનિ અને વ્યાસ મુનિ કે જેમણે માત્ર ત્હારાજ નામના રામાયણ અને શ્રીમદ્ભાગવતના ગ્રન્થો રચી ત્હારાજ ગુણ ગાય છે. તેથીજ તે જક્તમાં બીજા સઘળા કવિઓ કરતાં વધારે પ્રસિદ્ધ, પ્રકાશ અને કીર્તિવંત છે. તેનું કારણ તે ત્હારા નામનોજ મહિમા છે.

કોટિ સુર્ય સમ તેજ છે, કોટિ શશિ સમ શાન્ત,
તેહ નામ જેને જડયું, ભાગ્ય આધિક નહી ભ્રાન્ત. ૩૦

ટીકા—હે શ્રીકૃષ્ણ ! ત્હારૂં નામ કે જે કોટિ સૂર્યના સરખુ તેજસ્વી અને કોટિ ચદ્રના જેવી શાન્તિ આપનાર છે આમ કેહેવાનુ કારણ કે સૂર્ય અને ચદ્રમા તેજસ્વિ છે ખરા ! તથાપિ તેને પણ ઉત્પન્ન કરનાર તુ ઇશ્વર છે. અને ત્હારી આજ્ઞાવડે આકાશમા રહી સદાકાળ ભ્રમણ કરતા થકા સરવને પ્રકાશ આપે છે માટે તેઓના સરજનહાર તુ ઇશ્વર તેઓ કરતાં કોટિ ઘણો ઉત્તમ છે. વળી બીજો અર્થ આ વાક્યનો એમ પણ કરી શકાય છે કે સૂર્ય અને ચન્દ્ર જો કે મહા તેજસ્વી તેમજ જક્તને અતીશય ઉપકાર કરનાર છે, તથાપિ તેઓની ભક્તિ કલ્યાણદાતા નથી, પરતુ ત્હારૂ તે નામજ માત્ર કલ્યાદાતા છે, અને તે કારણથી ભક્તજનો ત્હને નિરંતર શેવે છે, ત્હારા નામનુ ઉચે શબ્દે ગાન કરે છે, યોગિજનો સદાકાળ ત્હારા રૂપને સમાધિમાં ધારે છે. તેમજ જ્ઞાનિ પુરૂષો તને અંતરમાં રાખે છે. તે માટે તું તેમના કરતાં કોટિ ઘણો તેજસ્વી છે એમ કહેવાય છે. એવું હે પરમાત્મન ! ત્હારૂ કલ્યાણદાતા નામ જે પુરૂષને જડયું તેના સદ્ભાગ્યનો પાર નથી. એ વાત નિશ્ચય છે.

સુખકર એવા નામને, લહ્યું ન જેણે લેશ,
ધિક્ક જન્મ તે જન તણો, ધિક્ક પુરૂષનો વેશ. ૩૧

ટીકા—હે ઇશ્વર ! સરવ પ્રકારથી સુખ આપનાર ! ત્રણ પ્રકારના પરિતાપને દુર કરનાર ! અને ધર્મ અર્થ, કામ મોક્ષ એ ચતુષ્માર્ગ પરિપૂર્ણ કરનાર એવું ત્હારૂ શુભ નામ જેણે જાણ્યું નહીં. અથવા તેવા નામને પ્રીતીથી જપ્યું નહી તેના જન્મને ધિક્કાર છે, અને તેણે મનુષ્યનો દેહ ધારણ કીધો તેને પણ હજારવાર ધિક્કાર છે.

એહ નામનો આશરો, ચાહુ પ્રભુ દિન રાત,
ક્ષમા કરો અપરાધ સહુ, હે જગતપતિ મુજ તાત. ૩૨

ટીકા—હે મદનો હરણ કરનાર મધુસુદન ભગવાન ! અતીશય શ્રેષ્ટ અને અપાર જેનો મહિમા છે એવું જે ત્હારૂ મંગળકારક નામ છે, તેનોજ આશરો ધારી, અથવા તે નામ ઉપરજ હું દ્દઢ વિશ્વાસ ધારી તેનેજ નિરતર ચાહુ છુ હે મ્હારા પિતા ! મ્હારા સર્વ અપરાધ તમે ક્ષમા કરો.

સ્હાયક સદા શ્રીકૃષ્ણ મુજ, શિરપર સમરથ આપ,
પિતા છતાં હું પુત્રને, શાનો રહે સંતાપ. ૩૩

ટીકા—હે લક્ષ્મીપતિ ! આ જક્તમાં તુજ મારો સ્હાયક અને મારા શિરપર તું સમર્થ બિરાજે છે, અને હું નિશ્ચય જાણું છું કે તુજ મારો પિતા, મ્હારો પાલક અને મ્હારો ઇષ્ટ છે. તેથી હું સર્વ પ્રકારની ચિંતાઓથી મુક્ત થયો છું. કારણ કે જેને માથે પિતા હોય તે પુત્રને સંસારવ્યવહારની ચિંતા રહેતી નથી. તેમજ તું મારે માથે પિતા હોવાથી કોઇ પ્રકારની મને પણ ચીંતા રહેતી નથી. કારણ કે હું પુત્રની સર્વ મનકામનાઓ તુ પિતા પુર્ણ કરનાર સમર્થ છે.

વદાય મુજથી વચન કદી, ભર્યા અજ્ઞાન અપાર,
પણ પિતુ નવ જોશો તમે, અવગુણ આપ દયાળ. ૩૪

ટીકા—હે દયાળુ પ્રભુ ! ત્હારી સ્તુતિમાં અથવા હરેક ગુણ ગાતાં મારાથી શુદ્ધ અશુદ્ધ કે અર્થવિહિન અજ્ઞાનના ભરેલા શબ્દો જાણે કે અજાણે વદાય ! તો પણ હે દયાળુ પિતા ! હું બાળકપર દયા કરીને તે મારી કૃતિ સામુ નહી જોતાં માત્ર ત્હારી કૃપા અને દયા વડેજ મને પાળજે.

તાતા કહીરે તોતળું, બાળક વદે વચન્ન,
માતા સમજે મર્મ એ, અર્ભક માગે અન્ન. ૩૫

ટીકા—હે ઇશ્વર ! જેમ નાનું બાળક તોતળુ તોતળુ બોલતા તાતા માગે છે, પણ તે જો કે તાતાનો અર્થ રોટલો એવો વ્યાકરણના નિયમે અર્થ થતો નથી. તેમજ તાતા શબ્દ રોટલાનો અર્થ-

સૂચક નથી. અથવા તાતા એ કોઇ પણ ભોજન પદાર્થનો સંજ્ઞા વાચક શબ્દ નથી, તથાપિ તે બાળક તાતા કહીને રોટલોજ માગે છે એવું માતા સમજી જાય છે, એટલે બાળકનો રોટલો માગવાનો ભાવાર્થ જાણી જાય છે, તેવીજ રીતે હે પુત્ર વત્સળ પિતા ! મારા અજ્ઞાનવાળા શબ્દ, અથવા અર્થ વિનાના શબ્દો પણ તું યોગ્ય અર્થમાં સમજી મારો અંતરનો મર્મ જાણી પુત્ર તુલ્યે ગણજે વળી–

વળી ગાંડાં કે ઘેલડાં, વદાય મુજથી વેણ,
પણ પ્રભુ માનો પાધરાં, કૃષ્ણ કૃપાનિધિ કહેણ. ૩૬

ટીકા—હે દયા સાગર ઇશ્વર ! મારાં બોલેલાં વચનો કદાપિ અર્થ વિનાનાં હોય ! અથવા અવિહિત હોય ! તેમજ ગાંડા ઘેલા હોય ! તો પણ હે કૃપાસિંધુ તું અન્તર્યામિ છે તથા મારા બોલેલા શબ્દનો ભાવાર્થ નહી જોતા મારા અંતરનો ભાવાર્થ જાણી તેવા અવિહિત વાક્યો પણ હિત અર્થ ગણી મને ક્ષમા કરજે ! કારણ કે ક્યા શબ્દો વડે તું ઇશ્વર પ્રસન્ન થાય છે, તે હુ અજ્ઞાનીને સમજ નથી.

સમજુ સુખ તુજ શરણમાં, તેવિણ સઘળું દુઃખ,
ભજ્યો ન પામર કૃષ્ણને, ધિક્ક તેહનું મુખ. ૩૭

ટીકા—હે કૃપાધિશ ! હું તો માત્ર એટલુ નિશ્ચય સમજુછુ–કે સર્વ પ્રકારનાં સુખ તે ત્હારા પવિત્ર ચરણને વિષેજ રહેલાં છે કારણ કે સર્વે સુખનો દાતા તુંજ છે, તેમ સમજી હું તુજ કૃપાનાથને શરણ પડયો છું અને તું વિના પોતે મમત્વ ધારી મનુષ્ય જે કઇ કરે છે તે સઘળુ દુખરૂપ છે એવા તું વિશ્વપિતાને પ્રેમભક્તિ વડે જે મનુષ્યે ભજ્યા નથી, તેનુ મુખ અને જીવિત ધિક્ક છે કારણ મનુષ્ય દેહ ઇશ્વરભક્તિ માટેજ મળ્યો છે.

અમૃત સરખી જીભથી, વદ્યો ન કૃષ્ણ વચન્ન.
વિષ સમ કડવાં વેણથી, હરખે મુરખ મન્ન. ૩૮

ટીકા—હે રાધિકેશ કૃષ્ણચંદ્ર ! આ જીભ જો કે અમૃત સમાન છે, અમૃત સમાન જીભને કહેવાનું કારણ કે જેમ અમૃત રસનું પાન કરવાથી દેહ અમર થાય છે, તેમ આ જીભ વડે રામ કૃષ્ણ એ આદી ભગવાનનાં નામ અને ભગવાનના ગુણ ગાવાથી આત્મા મરણ જન્મરૂપ ઉપાધિથી મુક્ત થઇ અમર થઇ જાય છે. માટે તે જીભને મહાજનો અમૃતમયિ કહે છે. તે હે ઇશ્વર ! તેવી અમૃત સમાન જીભ વડે કરી હે કૃષ્ણ ! હે રામ ! એવાં તારાં મંગળ રૂપ નામ સ્મર્ણ જેને રૂચતાં નથી, અને વિષ સમાન

કડવાં વચન, ભગવાનની ભક્તિને ભુલાવી વિષયોના અને નાસ્તિક વૃત્તિમાં લઇ જાય તેવાં ભાંડ ભવાઈ નાટક ઇત્યાદિ ચેષ્ટાકાર લોકોનાં વચનો સાંભળવાં અને બોલવાં એ પ્રીય લાગે છે. એ મૂર્ખાઇ અથવા અજ્ઞાન છે

વિષરૂપ આ વિષયમાં, વળગ્યા સહુ દિન રાત,
ભૂલ્યા ભક્તિ ભૂધરા, અવગુણ શોધિ આપ. ૩૯

ટીકા--હે પરિબ્રહ્મ ! વિષ સમાન સંસારના વિષયોમાં સર્વ જક્ત વળગી રહ્યુ છે. વિષયોને વિષરૂપ કહેવાનું કારણ કે દશ ઇંદ્રિયોના દશ વિષય છે ને મહા દુ:ખરૂપ છે, માત્ર એક ઇન્દ્રિયનો એકજ વિષય તે પ્રાણુની હાનીરૂપ નીવડે છે, જેમકે હાથિ જનાવરને સ્પર્શ (કામ) ઇન્દ્રિય બળવાન હોવાથી તેને પકડનાર લોકો કાગળની તેનાજ રંગની હાથણી બનાવી એક ફંડા ખાડાની ઉપર તેને ઘાસ અને માટી સહેજ પાથરી જમીન જેવું બનાવી ઉભી રાખે છે, તેવી હાથિણીને જોઇ હાથિ કામવિકારથી તે હાથિણીનો સ્પર્શ કરવા જાય છે, અને મોટા ખાડામાં પડી બંધાઈ જાય છે. માછલાંને રસના ઇન્દ્રિથી કાંટામાં ભરાવેલુ માંસ ગળી જાય છે, જેથી પકડાઇને પ્રાણ ખુવે છે. હરણને નાદ ઇન્દ્રિયથી મહા દુ:ખ થાય છે, એટલે હરણનો શિકાર કરનાર વિણા સતાર આદિ વાદિત્રો જંગલમાં વજાડે જેના નાદથી મોહિત થઇ હરણો તે સાંભળવા આવે છે, તે વખતે શિકારીયો તેને મારી નાખે છે. પતંગિયાંને રૂપ ઇન્દ્રિય પ્રબળ હોવાથી મોહિત થઇ દીવામાં પડી પ્રાણ ખુવે છે. એવી રીતે એકજ પ્રકારનો વિષય મહા દુખ આપનાર નિવડે છે તો મનુષ્યને તો દશ ઇન્દ્રિયોના દશ પ્રકારના વિષયો પણ પ્રબળ છે, તો તે દશ પ્રકારના વિષયો તેનુ ભલુ થવા દેજ નહી. હે પરમાત્મન કૃષ્ણ ! માત્ર ત્હારી કૃપા હોય તોજ તે વિષયોને જીતી ત્હારી પ્રીતીના પાત્ર થવાય છે. વિષયો તો માત્ર અતી અતી પ્રવૃત્તીજ આપે છે. અને ત્હારી મંગળભક્તિને છોડાવીને માત્ર વિષયોમાંજ પ્રીતિ કરાવે છે. હે ઇશ્વર! આ વિષયના ત્રાસમાંથી ત્હારા વિના બીજો કોઇ છોડાવનાર નથી

હું અપરાધી ઇશ છું, તું પ્રભુ દિન દયાળ,
બાળક જાણી બાપજી, રાખો મુજ સંભાળ. ૪૦

ટીકા–હે કૃપાળુ ઇશ્વર ! એવી રીતના અનેક દોષોથી ભરેલો હુ ત્હારો અપરાધી છું, કારણ કે ત્હારા નિર્માણ કરેલા ધર્મોથી હું વિહિન છું, અને ત્હારા નિયમોનો હું સદાકાળ ભંગ કરૂંછું નિતી અને ધર્મ ધારવામાં હું

ઘણો પાછળ મુકું; અને એવાં અનેક કારણોથી હું ત્હારી કૃપા પામ-પામવાને યોગ્ય નથી, તેમ છતાં પણ તું મહા દયાળુ છે, એ વિશ્વાસથી ત્હારી પ્રાર્થના કરૂ છુ કે હું ત્હારો બાળક છુ, મને સર્વ પ્રકારની ક્ષમા કરી મારી સંભાળ લેજે.

તાત તણો એ ધર્મ છે, પુત્ર વાંક નવ જોય,
તેહ ન્યાયથી નાથજી, કૃપા મુજપર જોય. ૪૧

ટીકા--હે પરિબ્રહ્મ ! પુત્રનો દોષ અંતરમાં નહીં લાવતાં પિતાએતો તેનું પોષણજ કરવું અને તેની ઉચ્ચ સ્થિતિજ ઇચ્છવી એ પિતાનો ધર્મ છે, એ ન્યાયથી હે પિતા ! મને સંપૂર્ણ વિશ્વાસ છે કે તું સદાકાળ મારી ઉન્નતિજ કરશે.

સહેજ કૃપા જો તુજની, જનપર હોય જરૂર,
શ્રેષ્ટ થતાં શી વાર છે, કૃષ્ણ કૃપા બળપુર. ૪૨

ટીકા--હે વિશ્વનાથ ! માત્ર ત્હારી સ્હેજ કૃપા જે મનુષ્યપર થઇ, તેને આ જકતમાં શ્રેષ્ટ થતા વાર લાગતી નથી, કારણકે હે વિશ્વંભર ! ત્હારી કૃપાનું બળ અપાર છે.

ગુણકા શુક ભણાવતી, રામ રામ વદી વેણ,
તારી તેં ત્રિભુવન ધણી, સવળાં સમજી કહેણ. ૪૩

ટીકા--હે ત્રિભુવનપતિ ! રામ રામ એવા શબ્દો બોલીને ચતુરસેના નામની ગુણકા પોપટને ભણાવતી હતી. તેનાં વિના સમજનાં અને પ્રીતિ વિનાનાં વચનો પણ તેં દયાળુ પિતાએ પૂર્વના ફળના ઉદયને લીધે સવળાં અને શુદ્ધ ગણી તે ગુણકાનો ઉદ્ધાર કીધો છે, તો ત્હારી દયા મનુષ્યપર થતાં તે શ્રેષ્ટ થઇ ઉધ્ધાર પામે તેમાં કાંઇ નવાઇ નથી.

મિથ્યા વાસુદેવને, દીધું આપનુ નામ,
સહજ સંબંધે તારિયો, દયાનિધિ ગુણ ધામ. ૪૪

ટીકા—હે દયાળુ ! મિથ્યાવાસુદેવ નામનો રાજા કે જે હે ઇશ્વર ! ત્હારી પોતાની નિંદા કરીને હુ ઇશ્વર છું એમ કહેવરાવનો હતો પરંતુ તેને પણ તમો પરમાત્મા દયાળુએ વાસુદેવનું નામ કાયમ કરી તાર્યો છે એવા તમો ઇશ્વર દયાળુ છો.

પાપી પુતના રાક્ષશી, કરવા આવી નાશ,
રીજ્યા પણ ખીજ્યા નહી, સ્પર્શ થતાં અવિનાશ. ૪૫

ટીકા—હે અવિનાશિ ! જો કે પુતના પોતાના સ્તનપર વિષ ધારી તું બાળકૃંષ્ણનો નાશ કરવા આવી હતી પરંતુ તું બાળકૃષ્ણ

રૂપ જો કે સાક્ષાત ઇશ્વરજ છે તેને ઉછંગમાં લેવાથી તું અંતરયામિનો તેના અંગને સ્પર્શ થયો તેથી તેને ઉદ્ધાર આપ્યો છે.

એવી દયા તુજ વિણ પ્રભુ, અન્ય સ્થળે કયાં હોય,
તાત જગતના છો તમો, દયા રાખવી જોય. ૪૬

ટીકા--હે ગરૂડાધિશ ! આવી અપાર દયા તું પરમાત્મા વિના હું બીજે કંઈ જોતો નથી કારણ કે લાખો અપરાધની પણ તું દયાળુ પિતા ક્ષમા આપે છે, બીજા ગૌણ દેવતાઓ પોતાના અપરાધની પણ ક્ષમા કરતા નથી. તું જો કે આ જકતનો પિતા અને સરજનાર છે, તો એવો દયાળુ સ્વભાવ તને ઇશ્વરને ઘટિત છે.

સુત ચડે કદી શિરપર, કે તાણે પિતુવાળ,
તોપણ રીઝે તાતજી, નવ આપે કદી આળ. ૪૭

ટીકા—હે પરમ પિતા ! પુત્ર જો કે લાડ કરતો પિતાના માથાપર ચડે અથવા માથાના કે મુછના વાળ ખેંચે અને બીજી હરકોઇ રીતે પિડા આપે તોપણ તે બાળકપર પિતાને રીસ ઉપજતી નથી પણ ઉલટું વહાલ આવે છે, તેવીજ રીતે તુ જકતનો પિતા છે, અને અમો સર્વ બાળક ત્હારો હરકોઈ અપરાધ કરીયે તો પણ અમારાપર સદાકાળ તારી દયાજ છે.

અવગુણના હરિ ગુણ ગણો, પિતા ધર્મ નિરાધાર,
વત્સ પ્રહારે ગાયને, પણ આવે પયધાર. ૪૮

ટીકા—હે દયાનાથ ! અમારા અવગુણને પણ તમો દયાળુ પિતા ગુણ રૂપી ગણી લ્યો છો, અથવા શત્રુને પણ સ્નેહી માનો છો કારણ કે ત્હારા પરમ શત્રુ હિરણ્યકશ્યપુ, હિરણ્યાક્ષ, રાવણ, કંસ એ આદિને પણ તે અભય પદ આપ્યું છે એટલે પિતાનો યથાર્થ ધર્મ તું જાણે છે કે દુખ આપનારને પણ સુખજ આપવું, એ ત્હારો ન્યાય છે, જેમકે વાછરડુ ગાયને ધાવતી વખતે માથાં મારી પીડા આપે છે તોપણ ગાયતો પોતે માતૃભાવથી વાછરડાને દુધજ આપે છે અને સ્નેહથી ચાહે છે.

સર્વ થકી આ જગતમાં, શ્રેષ્ટ કૃપા તુજ નાથ,
જન્મ મરણનો ભય મટે, અંતે રહે હરિ સાથ. ૪૯

ટીકા—હે વિશ્વંભર ! આ જકતમાં સરવથી ત્હારી કૃપા શ્રેષ્ટ છે, કારણ કે જો કોઇ રાજાની કે કોઇ ધનવાનની કૃપા હોય ! તો તેને અન્ન ધન વિગેરે આપી તેનાં સંકટ કાપે છે, પરંતુ તે સુખ પોતાની જીંદગી સુધીજ પહોંચે છે, પણ યમના દુતોનો માર કોઇ

મુકાવી શકતું નથી. પરંતુ હે ઇશ્વર ! ત્હારી કૃપા તો અનંતકાળ સુધી લખચોરાશીનો ફેરો છોડાવીને અખંડ સુખ આપે છે, અને અચળ પદની પ્રાપ્તી કરાવી ગોલોક વૈકુંઠ આદિ ધામમાં પોતાની સાથે રાખે છે.

એવા ગુણ તુજના પ્રભુ, જનપર રહે જરૂર,
સ્નેહ ઘણો તુજ શામળા, માનવી ઉપર મુળ. ૫૦

ટીકા—હે કરૂણાળુ પ્રભુ ! એવા અતુલ ત્હારા ગુણ, ત્હારો ઉપકાર, અને ત્હારી દયા એ સર્વ મનુષ્ય જાતીને માટે ઘણી છે. એટલે તું પરમાત્માને મનુષ્ય ઘણા વહાલા છે. અને વિચાર કરતાં નિશ્ચય લાગે છે કે આ પૃથ્વી, સૂર્ય, ચન્દ્ર, પરવત, સમુદ્ર, સરિતાઓ એ આદિ સર્વ સુખકર વસ્તુઓ તે માણુસને માટેજ શ્રજી છે એજ ત્હારી પુર્ણ દયા દેખાય છે.

અગણિત કળા અધિક બળ, લીલા અપરમ પાર,
તુંજ કૃતી ક્યમ સમજાય પ્રભુ, તું જગ સરજનહાર. ૫૧

ટીકા—હે શ્રી કૃષ્ણ ! ત્હારી કળા, ત્હારૂ બળ અને ત્હારી લીલા એ અપરમપાર છે, તેનો અંત આવે એમ નથી, તેમજ આ જક્તનો તું બનાવનાર મહા સમર્થ છે, તો ત્હારી એવી અદભૂત કૃતિ એક ક્ષુદ્ર માનવીથી કેમ સમજી શકાય વારૂ ! !

ભકત સુદામાને પ્રભુ, દાખવી લીલા અપાર,
પલક એક માટે રચ્યો, અદભુત અધ સંસાર. ૫૨

ટીકા—હે પરમાત્માને ! સુદામા જે ત્હારો પરમ ભકત હતો છતાં તારો ભેદ તે જાણી શક્યો નહી અને ત્હારી અકળ લીલામાં ભરમાઇ ગયો અને સ્વપ્નરૂપ નદીમાં સ્નાન કરતા ડુબકી મરાવી સુદામાને એક સાગરના બેટમાં લઈ જઇ ત્યાં સ્ત્રી પુત્ર વિગેરે મહા દુ:ખ અને પાપ રૂપ સંસાર મંડાવ્યો, અને તેને વર્ષોનાં વર્ષો વહી ગયાં લાગ્યુ. પરતુ ડુબકીથી બ્હાર નિકળતાં સર્વ જતુ રહ્યું અને આવી પ્રભુની અકળ લીલાથી સુદામા વિષ્મય પામ્યો (સુદામાની અકળ લીલાના પુસ્તકમાં આ વાત રસ ભરી રીતે વર્ણવી છે તે જુઓ.)

અરજુન સખા શ્રી કૃષ્ણના, પણ હરિયો તન ગર્વ,
જેણે ભારત દળ હર્યું, તે થયો ચોરને શર્ણ. ૫૩

ટીકા—હે ભગવાન ! અરજુન જો કે ત્હારા પરમ મિત્ર હતા તો પણ તેમના અંતરમાં ગર્વ ઉપજ્યો, તે ગર્વને હરવા માટે તેં

મધુસુદન ભગવાને અરજુનના સર્વ બળનું હરણ કરી લીધું, અને જેણે મહાભારત સંગ્રામમાં અઢાર દિવસ અચળ રહી ઘોર યુદ્ધ કરી ભિષ્મપિતા! દ્રોણગુરૂ, કૃપાચાર્ય કર્ણ જેવા સમર્થ યોદ્ધાનો સંહાર કીધો તેજ બળ પોતાની પાસે હોવા છતાં પણ તે અરજુનનાં વસ્ત્રો અને આયુધ્ધો કાબા જાતના એક બે લુંટારૂએ લઈ લુંટી લીધા અને ત્યાં તેમનાથી કંઇ પણ થઇ શકયું નહી એ માત્ર તારી લીલાનો પ્રભાવ છે.

એમ ગણાવું કેટલા, ગણે ન આવે પાર,
તુજ ગતી ગણતાં ગુણનિધિ, હારે સહુ સંસાર. ૫૪

ટીકા—હે દયાનિધિ! એવાં તારાં અપાર કાર્યો, અપાર ગતિ, અને અપાર લીલા છે તે ગણતા પાર આવે તેમ નથી અને ત્હારા ચમત્કારનો નિર્ણય કરતા આખુ જક્ત હારી જાય છે.

રૂપ ગુણ બળ બુદ્ધિ બહુ, કો થકી સમજાય,
વર્ણન નવ થાયે પ્રભુ, ગતીમાં સહુ ઘુંચાય. ૫૫

ટીકા—હે ઇશ્વર! વળી ત્હારૂં શું રૂપ છે! ત્હારૂ બળ કેટલું છે, ત્હારા ગુણ કેવા છે, અને તારી બુદ્ધિ કેટલી છે, એ વિગેરે કોઇથી સમજી શકાય તેમ નથી તેમજ ત્હારી અપાર લીલામાં બ્રહ્મા સરખા ભુલા પડી જાય છે, એટલે ત્હારી લીલા અને મહિમા જાણવા કોઈ સમર્થ નથી.

રૂપ રંગ લક્ષણ કવણ, કવણ અવયવ આકાર,
હાથ પાદ શિર નયન કયમ, નિરાકાર સાકાર. ૫૬

ટીકા—હે પરમાત્મને! ત્હારૂ રૂપ કેવું છે, ત્હારો રંગ કેવો છે, ત્હારાં લક્ષણ કેવાં છે, તારા અવયવ અને આકાર કેવો છે, તેમજ તારા હાથ, ત્હારા પગ, ત્હારૂ શિર વિગેરે કેવાં છે, અથવા તું આકારવાળો છે કે નિરાકાર છે, એ વિગેરે ત્હારી ગતીની કોઇને માલમ પડતી નથી.

કોઇ કહે સાકાર છે, નિરાકાર કહે કોઈ,
ચાર ભુજા કોઇ વદે, શહસ્ર ભુજા હરિ સોઇ. ૫૭

ટીકા—હે ભગવાન! કોઇ કહે છે કે ઇશ્વર સાકાર છે, કોઇ કહે છે કે ઇશ્વર નિરાકાર છે એમ બેઉ મતવાદીઓના વિવાદો હજારો વરસ થયાં ચાલ્યાં જ કરે છે, તો પણ તેનો નિર્ણય થતોજ નથી. અથવા સમર્થ મહાત્માઓ પણ આગળ તેનો નિર્ણય કરી

ગયા નથી અને એક શાસ્ત્ર સાકાર કહે છે, તો એક શાસ્ત્ર નિરાકાર કહે છે વળી કોઇ ઇશ્વરના ચાર ભુજા કલ્પે છે કોઇ સહસ્ત્ર ભુજા કહે છે હે પરમાત્મને ! માત્ર એટલુજ કહેવાનુ છે કે ત્હારી કૃતીની કોઇને માલમ નથી ત્હારી કળા અપાર છે વળી—

ભૂપ તમો ભગવંત છો, સકળ જકત કિરતાર,
રંક બનીને રાયજી, ગયા કરણને દ્વાર. ૫૮

ટીકા—હે વિશ્વનાથ ! તું જો કે આખા જકતનો મહારાજા, સ્વામી અને જકતને ઉત્પન્ન કરનાર છે, ધનની કે કોઇ વાતની તારે કમી નથી, કારણ કે સાક્ષાત્કાર લક્ષ્મિજી પોતેજ ત્હારા પાદ નીચે વસેલી છે, છતાં હે માધવ ! કેવળ રંક, ગરિબ અને અનાથનુ રૂપ લઇ કરણરાજાને દ્વારે તમો ભિક્ષા માગવા ગયા, અને કરણની પાસેથી માત્ર દાંતે જડેલી સોનાની રેખા માગી ! હે પ્રભુ ! ત્હારે જો કે સોનાની કે રત્નોની કમી નથી, પરંતુ કેવળ ગરીબ બની યાચના કરવાનું કારણ અમો માનવી શુ સમજી શકીએ !!

ધનપતિ થઇને હે પ્રભુ દીધાં અગણિત દાન,
પણ વામન બલિ દ્વારમાં જઈ યાચ્યા ભગવાન. ૫૯

ટીકા—હે ગરૂડાધિશ ! તું મહા દાનેશ્વરી થઇ લાખો ભિક્ષુકોને કોટી ધનનુ દાન આપે છે, તેમજ હજારો યજ્ઞો કરીને કે બીજા ધર્મો કરીને ત્હારી કીર્તિ જક્તમાં પ્રસિદ્ધ છે. તો પણ વામન બ્રાહ્મણનુ રૂપ ધારણ કરી બલિરાજાના દ્વારમાં ત્રણ ડગલાં પૃથ્વીની યાચના કરવાનુ શુ કારણ હશે ! તે અમો ક્ષુદ્ર મનુષ્ય ત્હારા ભેદની વાત શું જાણીએ. હે ઇશ્વર તું મહા સમર્થ છે.

એક બાણથી બળવડે કીધ રાવણ સંહાર,
કાળ યવનથી કયમ બન્યા, કાયર હે કીરતાર. ૬૦

ટીકા—હે ભક્ત વત્સલ ભગવાન ! તેં મહા સમર્થ પ્રભુએ દરેક અવતારે અવતારે અગાધ બળ વાપરી અનેક અસુરોનો સંહાર કીધો, તેમજ ત્હેં રામ રૂપે માત્ર એકજ બાણ વડે તાડિકા, સુર્પણખા, સુબાહુ અને રાવણ કુંભ કરણ આદિ અપાર યોદ્ધાનો સંહાર કીધો, તેજ તું કૃષ્ણરૂપ પરમાત્મા કાળ યવન નામના રાજાના ત્રાસથી હારીને મથુરાં નગરીનો ત્યાગ કરી દ્વારીકાં વસાવી ત્યાં રહેવું પડયું. હે નાથ ! તે વખતે શું ત્હારૂં સામર્થ્ય કંઈ દૂર હતું ? પરંતુ તેમ કરવામાં ત્હારી શું ધારણા હશે. અથવા શા કારણથી તેમ કીધુ હશે, તે મનુષ્ય જાતી ત્હારી કૃપા વિના શું જાણી શકે !!

પળ પળમાં પ્રકટો તમો, વિધ વિધ વેશ વિચિત્ર,
પળમાં થાઓ પ્રેમદા, પળમાં સાધુ પવિત્ર. ૬૧

ટીકા—હે ઇશ્વર ! વળી પળપળમાં તમો અનેક પ્રકારથી વિવિધ વેશોને ધારણ કરો છો એટલે ઘડીમાં વૃદ્ધ બની જાઓ છો, તો વળી ઘડીમા બાળક બનો છો. વસુદેવને બ્રહ્મનો ઉપદેશ આપ્યો તે વેળાએ પોતે બાળક છતાં પણ શંખ ચક્ર ગદા પદ્મ ધારી મહાપુરૂષ થયા અને કાલાગૃહમાથી ગોકુળમા લઇ જતાં નાના બાળક બન્યા. વળી દૈત્યોની પાસેથી અમૃતનો કુંભ લેવા માટે સ્ત્રી રૂપ મોહિની બન્યા, અને જાળંધરની સ્ત્રી વૃંદાનુ વ્રત ભંગ કરી જાળધરનો સંહાર કરાવવા માટે મહા તપ ધારી સાધુ રૂપે થયા, એમ સ્થળે સ્થળે તારી કૃતી, ગતી અને લીલા અપાર છે.

એવા અકળ અમાપ છો, પણ ભક્તને આધિન,
ભક્તનું દુઃખ સ્હેવાયના, ગણો કદી નહી ભિન્ન. ૬૨

ટીકા—હે પુરૂષોત્તમ ! તું અકળ એટલે કોઇના કળ્યામાં કે માપમાં ન આવે તેવો છે, તો પણ તું ભક્તજનોને આધિન છે. ભક્તની જે ઇચ્છા તેજ ત્હારી પોતાની છે તેમજ ભક્તનું સંકટ ત્હારાથી દેખી શકાતું નથી. અને તુ પરમાત્માએ માત્ર ભક્તોનો જ કલ્યાણ માટે આ પૃથ્વીપર અનેક અવતાર ધારણ કરી તેમને સુખ આપ્યુ છે,

ભીડ પડે જ્યાં ભક્તને, ત્યાં ત્યાં થાઓ સ્હાય,
કૃપા કરીને કૃષ્ણજી, કરતા અતિ રક્ષાય. ૬૩

ટીકા—હે ભક્તવત્સળ ! જે જે સ્થળે ત્હારા ભક્તજનને કાંઇ દુખ થયુ તો તેજ વખતે તે સ્થળે જઇ તમો અંતરયામિ તેને સહાય કરો છો.

ગજને ગ્રાહે ઝાલીયો, સાગર તટ મોઝાર,
ગજેન્દ્ર થઈ ગોવિંદજી. તાર્યો ગજ નિરધાર. ૬૪

ટીકા—હે દયાળુ પિતાશ્રી ! હાથી જે કે ત્હારો પરમ ભક્ત હતો ! તેને સમુદ્રના એક સમર્થ મઘરે પકડયો, ને ખેંચી જવા લાગ્યો, તે વેળાએ એ હાથિએ ત્હારી સ્તુતિ કીધી જેથી તુ ભક્તવત્સળ પ્રભુએ ગજેન્દ્ર મોક્ષ એ નામનું રૂપ ધારણ કરી હાથીને મગર થકી મુક્ત કીધો.

ભક્ત અધિક અમરિષ, પ્રભુ શેવા કરે અપાર,
શ્રમિત થએલા જોઇને, નાખો પવન મોરાર, ૬૫

ટીકા—હે વિશ્વનાથ ! ત્હારો પરમ ભક્ત અમરિષ રાજા ત્હારી શેવા માટે સર્વ સાહિત્ય પોતે તૈયાર કરતો, એ અમરિષ જ્યારે ઘઉં દળતો હતો ત્યારે તેના શરિરે પરશેવો વળતો જેથી તું દયાળુ પિતાને તેની દયા આવવાથી તુ પોતેજ તેના પરશેવા દૂર કરવા પવન નાખતો હતો.

લાક્ષાગ્રહથી ઉગારીયા પાંડવ બળતા પાંચ,
માંજારિનાં બાળને, અડી ન ઉની આંચ. ૬૬

ટીકા—હે કેશવ ત્હારા પરમ ભક્ત જે પાંચે પાડવો, દુર્યોધનના કપટથી લાક્ષાગ્રહમાં બળી મરતા હતા, ત્યાં તેઓને બચાવ્યા. તેમજ ત્હારો ભક્ત કુંભાર કે જેના હાંડલામાં બિલાડીનાં બચ્ચા હતાં તે હાંલ્લુ અજાણતાં નેભામાં મુકી દીધુ, અને તેમાં અગ્નિ સળગાવ્યા પછી તેને જણાયાથી પસ્તાવો કરી ત્હારી સ્તુતી કરવા લાગ્યો, જેથી તે માંજારીનાં સર્વ બાળકોને અગ્નિનો સ્પર્શ પણ થયો નહી. અને જીવતાંજ રહ્યાં.

મીરાં વિષ અમૃત કર્યું, રાખી તેની લાજ,
નરસિંહ મહેતાના પ્રભુ, કીધાં અગણિત કાજ. ૬૭

ટીકા—હે ભગવાન ! મેવાડના રાણા કુંભાજીની સ્ત્રી મીરાબાઇ ત્હારી પરમ ભક્ત હતી. પરંતુ તેવી ભક્તી અને સાધુ વૈરાગિઓ સાથે રહેવાનું રાણાજીને ગમ્યું નહી, તેથી તેને ઝેર દઇ મારી નાખવા ઝેરનો કલસ ભરીને તેને પીવા મોકલ્યો, મીરાંબાઇ ત્હારૂ નામ દઈ પી ગયા, પરંતુ તારી કૃપાવડે તે ઝેર મીરાંના ઉદરમાં અમૃત રૂપ થઈ ગયું. વળી નરસિંહ મહેતા તે પણ ત્હારા પરમ ભક્ત હતા, જેની હુંડી શ્રીકાર કરી, પુત્રીનું મોશાળુ કર્યું, પિતાનુ શ્રાદ્ધ કર્યું ! હાર આપ્યો, એમ તે ભક્તોને માટે અગણિત કામ કીધાં.

ત્રણ રિપુથી તાર્યો તમો, કરી કપોત રક્ષાય,
સંકટ જાણી ભક્તનાં, કરવા આવ્યા સ્હાય. ૬૮

ટીકા—હે વિશ્વનાથ ! કપોત નામનો પક્ષી કે જે પૂર્વના જ્ઞાનથી ત્હારો ભક્ત હતો, તેને એક મોટો અજગર ગળવા તૈયાર હતો. બીજો માથાપર બાજ પક્ષિ તેને પકડવા તૈયાર હતો, અને ત્રીજો પારધી તેને બાણ મારવાની તૈયારીમાં હતો, એવી રીતે એ કપોત (હોલો) ત્રણ રિપુથી મહા સંકટમાં આવી પડયો હતો. પરંતુ તું દયાળુ પ્રભુએ એ ત્રણે દુશ્મનોમાંથી તેને ઉગાર્યો, એટલે અજગર કપોતને ગળવાને બદલે પારધીને આવીને ડસ્યો, અને અજ-

ગરના ડસવાથી પારધીનું બાણ છુટી ગયું તે બાજને જઇને લાગ્યું, જેથી બાજ મરણ પામ્યો અને કપોત જે ત્હારી ભક્તી કરતો હતો તે બચ્યો. એવી ભક્તપર ત્હારી પૂર્ણ દયા છે.

કીધાં કામ અનેક ત્હેં, ભક્ત તણાં ભગવંત,
પંચાલીનાં પુરીયાં ચીર, ચતુર બળવંત. ૬૯

ટીકા—હે બળવાન કૃષ્ણ ! ત્હેં ભક્ત જનોનાં અનેક કામ કીધાં છે. જે ગણતાં પાર આવે તેમ નથી હે પ્રભુ ! ત્હેં કૃષ્ણ પરમાત્માએ ભરી સભામાં દ્રૌપદીને નવસો નવ્વાણું ચીર પુરી તેની લજ્જા રાખી. હે કૃષ્ણ ! તું મહા બળવાન છે.

શ્વપચ સુત નારાયણો, સ્મરતાં સુંદિર શ્યામ,
દૂર થયા યમ દૂત તવ, પામ્યો વૈકુંઠ ધામ. ૭૦

ટીકા—હે વિશ્વભર ! ચાડાલ જાતના એક મનુષ્યને નારાયણ નામનો પુત્ર હતો, તેના ઉપર તે ચાંડાલને ઘણો સ્નેહ હોવાથી અંતકાળે નારાયણ પુત્રને વારંવાર પોકાર કરીને બોલાવતો હતો, પરંતુ તે નામના પ્રતાપથી યમના દૂત તે ચાંડાલ પાસે આવી શક્યા નહી. અને નારાયણ એ નામના પુણ્યથી ચાંડાલ વૈકુંઠધામને વિષે ચાલ્યો ગયો.

રાખ્યાં ગજ ઘંટા તળે, બાળ વિહંગમ આપ,
તેલ કઢા શીતળ બની, હે પ્રભુ તુજ પ્રતાપ. ૭૧

ટીકા—હે મધુસુદન ! તાર્ક્ષી નામની પક્ષિણી મહાભારતનુ યુદ્ધ જોવા આવી હતી, પરતુ ત્યાં તેનો પ્રસવકાળ થઇ તેનાં ઇંડા યુદ્ધ ક્ષેત્રમાં પડયાં તે પક્ષિણીએ તું પરમાત્માનુ સ્મર્ણ કીધુ, જેથી ઇંડાપર દુર્યોધનના ઉન્મત્ત હાથિની ઘટા તેજ સ્થળે ત્હારી કૃપાથી છુટી ને ઇંડા ઉપર આવી પડી. અને ઇંડાનું રક્ષણ થયુ વળી સુધન્વા જે ત્હારો ભક્ત, તેના પિતાએ તેને ઉકળતા તેલમાં નાખી દેવા આજ્ઞા કરી હતી પરંતુ તું પરમાત્માની કૃપાવડે તે ઉકળતું તેલ પણ શીતળ થઇ ગયું.

લક્ષ વર્ષ વદતાં પ્રભુ, આવે નહી ગુણ અંત,
કારજ ત્હારાં કોટિ વિધ, ભણું કેમ ભગવંત. ૭૨

ટીકા—હે ભગવાન ! ત્હારાં મહા ઉજ્વળ જશ અને ભક્તજનોને સુખી કરવારૂપ કાર્ય તેનું વર્ણન હું લક્ષ વર્ષ સુધી કર્યા કરૂં તોપણ તે ગુણનું કથન સંપૂર્ણ થાય તેમ નથી તેથી એટલોજ સાર ગ્રહણ કરવાનો છે કે તું અપાર શક્તિવાળો છે.

બહુ બળવંતા બાપજી, ગતી મતી અગમ અપાર,
તુજ કૃતીમાં શંકા કરે, નિશ્ચય તેહ ગમાર, ૭૩

ટીકા—હે શ્રીકૃષ્ણ ભગવાન ! તું મહા સમર્થ છે, તેમજ ત્હારા કાર્ય અને બુદ્ધિ વગેરે કોઇથી કલ્પી શકાય નહી તેવી છે. તેમ છતાં ત્હારાં કાર્યમાં કે બુદ્ધિમાં જે પુરૂષ શંકા કરે, અથવા તેમાં દોષ જુએ તે ખરેખર મુર્ખજ સમજવો.

તું સચરાચર વ્યાપ્ત છે, તું અજરામર ઈશ,
જગ સરજક પાલક પ્રભુ, સંહારક જુગદિશ. ૭૪

ટીકા—હે પરમાત્મને ! સચરાચર જકતને વિષે તુ વ્યાપેલો છે અને તુ જન્મ મરણ બાલક યુવા વૃદ્ધ એ આદિ સર્વ ઉપાધી રહિત છે, તેમજ શુદ્ધ તેજોમય નિર્ગુણ બ્રહ્મરૂપ તે તુંજ છે, અને આ સકળ જકતને ઉત્પન્ન પાલન અને સંહાર કરનાર એ રીતે ત્રિગુણાત્મક બ્રહ્મા વિષ્ણુ અને શિવ એ સર્વ તુ પોતેજ છે.

તેમ છતાં પણ તુજને, કહે મનુષ્ય મતીહીન,
જન્મ મરણ તુજનાં લહે, ગણે માયામાં લીન. ૭૫

ટીકા—હે માધવ ! તું સર્વથા ઇશ્વર છે, તેમ છતાં કોઇ મંદબુદ્ધિનો ત્હને મનુષ્ય સમાન ધારે ! અથવા ત્હારો અવતાર થયો કે જન્મેલો માને, અથવા માયામાં લીન થયેલો ધારે, તેવો પુરૂષ તે ખરેખર અજ્ઞાન અને પશુ સમાન જ્ઞાનવિનાનો જાણવો.

જન્મ થયો તુજનો ગણે, દીધ વસુદેવ ઉપદેશ,
દ્વાર ખુલ્યાં જળ માગ દીધ, થયા સહાય શિરશેષ. ૭૬

ટીકા—હે કૃષ્ણ ! જો ત્હારો જન્મ થયો એમ કોઇ અજ્ઞાનિજન ગણતો હોય તો તેની મોટી ભુલ સમજવી ! કારણ કે જો દેવકીજીના ઉદરથી કૃષ્ણ પરમાત્માએ જન્મ લીધો હોય ! તો જન્મ થતા સાથેજ ચતુર્ભુજ શંખ ચક્ર ધારણ કરીને બંધીખાનામાં વસુદેવને જ્ઞાન આપ્યુ, અને ગોકુળમાં લઇ જતી વેળાએ જુમનાજીનું જળ સ્થભી ગયું અને માર્ગ આપ્યો, તેમજ શેષનારાયણે પોતાની ફણા ધરી મેઘનાં બિંદુઓ રોકયાં: ઇત્યાદિ ચમત્કારિક કાર્યો મનુષ્યનાં સંભવતાં નથી. તુ તો અજન્મા તથા ત્રણે કાળ સમાન કેવળ નિરગુણ બ્રહ્મરૂપ જ છે.

વળી બાળાપણુ માનતાં, સંભવ નથી સુરેશ,
સંકટ બગાસુર પુતના, ક્યમ મારો લઘુ વેશ. ૭૭

ટીકા—વળી હે પરમાત્મને કૃષ્ણ ? તમો બાળક છો, અથવા

વસુદેવ દેવકીના પુત્ર છો, અથવા નંદજીના કે યશોદાના બાળક છો, એ માનવું બિલકુલ સંભવતુંજ નથી. કારણ કે જો તમો બાળક હો તો સકટાસુર, બગાસુર અને પુતના એ આદિ અનેક રાક્ષસોનો માત્ર લીલા વડેજ સંહાર કીધો છે તો બાળકથી આવાં મહાન કાર્યો કેમ બને ? માટે તું પરમાત્મન ઇશ્વરનામાં બાળકપણું કે મનુષ્યપણું સંભવતું નથી. તું તો આ સચરાચર જકતને ધારણ કરનાર છે, એ સિદ્ધ છે.

નિશ્ચય મન સાથે લહ્યું, છો હરિ અખિલ ઉજાશ,
રે પ્રભુ જગપતિ જગપતિ, હું દાસનનો દાસ. ૭૮

ટીકા—હે પરમાત્મને ! તું આ જકતનો કર્તા અને આખા જકતને પ્રકાશિત કરનાર છે. એટલે હે ઇશ્વર તું આ જકતનો સ્વામી છે, અને હું ત્હારા દાસનો દાસ છુ, એ નિશ્ચય જાણું છું. વળી—

શ્રીપતિ હું શરણે પડયો, પાવન કરો કૃપાળ;
અવર નથી આધાર, મુજ દાતા પરમ દયાળ. ૭૯

ટીકા—હે લક્ષ્મીપતિ ! હુ જો કે ત્હારે શરણ પડયો છું, માટે મને પાવન કરો ! હે પરમ દયાળુ અને મહા દાતા શ્રીકૃષ્ણચન્દ્ર ! મારે તું વિના બીજા કોઇનો આધાર નથી.

પાવન કરતાં પતિત જન, પ્રભુ નહી તુજને વાર;
જાણી દાસ દયાનિધિ, પાવન કરો મુરાર. ૮૦

ટીકા—હે મુરારિ ! પતિત મનુષ્યને પણ પાવન કરતાં તું ત્રિભૂવનધણીને વાર લાગતી નથી, તો હુ જો કે પતિત છુ, પણ ત્હારે શરણ છુ માટે મને પાવન કરો !

મન વચ કર્મ થકી પ્રભુ, કરૂં હું અવિહિત કાજ;
પડીયો વિષય કુછંદમાં, ક્ષમા કરો મહારાજ. ૮૧

ટીકા—હે પ્રભુ ! મન વાણી અને કાર્યવડે હું અનેક પ્રકારના દુષ્કર્મ અને અવળાં કાર્યો કરૂ છું. વળી અનેક પ્રકારથી વિષયના કુછંદમાં પડેલો છુ એવો હું પાપી અને દોષવાન છું, તથાપિ હે પરમાત્મન ! હુ ત્હારે શરણ છું, માટે મને ક્ષમા કરો,

મુજ અપરાધ ગણો તમે, ગતીથી લાધે નાથ;
શરણ પડયો છું શામળા, ગ્રહો તેથી મુજ હાથ. ૮૨

ટીકા—હે પ્રભુ ! જો તું દયાળુ મ્હારા અપરાધ સામુ જોશે, તો કદી મારી ગતી થાય તેમ નથી, હું તારી દયાને પાત્ર નથી, પરંતુ ત્હારે શરણે આવેલો ત્હારો દાસ છું, એટલુંજ વિચારી તું દયાળુ મારો હાથ ગ્રહણ કર !

હે ગોવર્ધન ગિરિ ધરણ, હરણ કંશ કલિરૂપ;
શરણ પડયો શેવક સદા, વિશ્વનાથ જગભૂપ. ૮૩

ટીકા—હે ગોવર્ધન ગિરિરાજને પોતાના સામર્થ્યથી ધારણ કરનાર ! તથા મહા પાપ રૂપ કલિ સમાન કંશ દુરાત્માનો વધ કરનાર કૃષ્ણ ! હું સેવક ત્હારા ચરણનો ચાકર ત્હારે શરણ છું, અને તું જકતનો સ્વામી અને વિશ્વનો રાજા છે.

તુંહી માત તુંહી તાત છે, તુંહી મુજ જીવનહાર;
ધન મિલકત તુંહી નામની, તુહી મુજ સહુ આધાર. ૮૪

ટીકા—હે પરમાત્મા કૃષ્ણચન્દ્ર ! મારાં સાચા માતા પીતા તે તું છે. અને મારા જીવનના આધારભૂત પણ તુંજ છે, અને મારી ધન મીલકતની સંપત્તી આદિ સર્વ વસ્તુ તે પણ તુજ ઇશ્વર છે. અને મારે સદાકાલ ત્હારા પવિત્ર નામનોજ આધાર અને આશરો છે

આદિ અનાદિ અખંડ, તુહી તુહી સુખ સર્વ;
ગિરિવરધર ઘટમાં વસો પડયો શરણ તજી ગર્વ. ૮૫

ટીકા—હે વિશ્વંભર કૃષ્ણ ! સર્વથી પ્રથમ તે તુ છે, અને અંતે પણ તુ છે, તું અખંડિત છે, અને આ જકતમાં તુંજ મનુષ્ય પ્રાણી માત્રને સુખનો દાતા છે. હે ગિરિરાજના ધરનાર કૃષ્ણ ! તુ મ્હારા અંતરમાં વાસ કર, હું ત્હારે શરણ પડયો છું.

રોક રૂપૈયા માહરા, કૃષ્ણ કૃપાનિધિ નામ;
એહ અચળ ધન આવશે, કઠણ વેળાએ કામ. ૮૬

ટીકા—હે દયાસિંધુ ! મ્હારી પાસે રોકડ ધન કે પુંજી એમાંનુ કાંઇ નથી, માત્ર ત્હારૂં નામ તેજ મારી ધન મિલકત છે. અને મારી કઠણ વેળાએ એટલે અંતકાળ સમયે એ ત્હારા નામરૂપી ધન છે તેજ કામ આવનાર છે. તુજ પ્રભુના નામ વિના બીજું કંઇ કામ આવનાર નથી.

મૃગજળ સમ મિથ્યા જગત, સત્ય કૃષ્ણ તુજ નામ;
કૃષ્ણ કૃષ્ણ મુખ સમરતા, સુધરે સઘળાં કામ. ૮૭

ટીકા—હે ભગવાન ! આ જકતમાં સર્વ ધન છે તે મૃગજળ સમાન મિથ્યા છે, કારણુકે ઝાંઝવાના પાણીથી તૃષા મટતી નથી. તેમ એ માધક ધનવડે પરલોકમાં સુખ મળતું નથી. માત્ર ત્હારૂં નામ છે તેજ સર્વ પ્રકારના અક્ષય સુખને આપનાર છે, અને સર્વ કામ સુધારે છે.

ભવદધિજળ તરવા તણું, નૌકા પ્રભુ તુજ નામ;
અડચણુ નવ આવે કદી, પહોંચાડે સુખ ધામ. ૮૮

ટીકા—હે પરમાત્મને ! આ સંસારરૂપ મોટો સમુદ્ર છે, તેને તરવા માટેત્હારૂ નામ એ શ્રેષ્ટ વહાણુ છે, અને એ વહાણુમાં બેસી આ સંસાર મહોદધિ ઉતરતા કોઇ જાતની અડચણુ નડતી નથી. અને ત્હારૂ ધામ જે મહા સુખરૂપ છે તેને વિષે નિશંક પહોંચી જવાય છે.

એહ નામરૂપ નાવમા, હું બેઠો બળવીર;
તરવા આશા ભવદધિ, ધર્યું શરણુ પ્રભુ શિર. ૮૯

ટીકા—હે દયાળુ ! ભવદધિ તરવાની આશાએ એવા ઉત્તમ ત્હારા નામ રૂપ નાવમાં હુ બેઠો છુ, અને ત્હારા શરણુમાં મ્હારૂ મુસ્તક મુકયુ છે.

મોહરૂપ મહા વ્યાધિનું, અમૃત ઔષધ આપ;
મુખ દર્શન અમૃત થકી, ટળે સર્વ સંતાપ. ૯૦

ટીકા—હે કૃષ્ણુ ! આ જકતના વિષયોમાં મોહ છે, એ મોટો રાગ છે. તે રોગનું ઔષધ ત્હારા નામ અને ત્હારા રૂપનુ દર્શન એજ અમૃતરૂપ છે. અને તે ઔષધથી ગર્વ પ્રકારના સંતાપો દુર થઇ તુ પરમેશ્વરના ચરણુકમળની પ્રાપ્તી થાય છે.

મોક્ષરૂપ શ્રી કૃષ્ણુ તજી, અવર દેવને ચ્હાય;
શિલા નાવમાં બેસતાં, ઉદધિ નહીં ઉતરાય. ૯૧

ટીકા—હે પરમપિતા ! તુંજ સર્વ મનુષ્ય અને પ્રાણી માત્રના મોક્ષનું ધામછે. એવો તું કૃપાવતને ત્યજીને જે કોઇ બીજા ગૌણુ દેવનું શરણુ લે છે. તેને મહા દુર્લભ એવું જે ત્હારૂ સત્યધામ તે પ્રાપ્ત થતું નથી એટલે જેમ પથ્થરના નાવમાં બેશી સમુદ્ર ઉતરવા કોઇ ચાહે તો તેમ બનેજ નહી તેમ તુ પરમાત્માને ત્યજી બીજાને આશરો ગ્રહણુ કરે તે ઘણા કાળ સુધી મોહરૂપ વિષમ જવળમાં બુડેલોજ રહે છે.

કલ્પવૃક્ષ શ્રીકૃષ્ણને, શેવે સહુ સુખ હોય,
શામળ દ્રુમને શેવતાં, લાધે નહી ફળ સોય. ૯૨

ટીકા—હે પરમાત્મને! કલ્પવૃક્ષ એટલે ઇચ્છીત ફળ આપનાર એવો તો માત્ર તુંજ દયાળુ છે, અને સર્વ સુખનો આપનાર તુંજ છે, જેમ શામળ નામના વૃક્ષને શેવેથી કંઈ ફળ પ્રાપ્ત થતું નથી. તેમ ગૌણ દેવતાઓની શેવાથી અંતકાળે સુખ મળતુ નથી

તજી કૃષ્ણ તુજને કદી, ઇચ્છે અવર ઉપાય,
ગૌરી તજી મહિષને, ખાંતે દોહોવા જાય. ૯૩

ટીકા—હે શ્રી કૃષ્ણ' તું કૃપાળુ ઇશ્વરની શેવા તજીને કોઇ મનુષ્ય બીજા ગૌણ દેવની ઉપાસનામાં સારા ફળની આશા રાખે. તે જેમ કોઈ મૂર્ખ માણુસ કામદુર્ગા ગાયને તજીને પાડાને દોહોવા ઇચ્છે, અથવા પાડાના દૂધની આશા રાખવા જેવું છે.

કૃષ્ણભક્તિ ત્યજી ભાગ્યહિણ, અન્ય આશરે જાય,
ગંગા તીરે ઘેલડો, કુપ નીરમાં ન્હાય. ૯૪

ટીકા—હે કૃષ્ણ! તુ દયાળુનાથને તજીને કોઇ બીજા દેવનુ શરણું ગ્રહણ કરે છે, એટલે શાસ્ત્રોએ પ્રમાણ કરેલા પંચાયતન દેવતાઓ જે વિષ્ણુ, શિવ, ગણપતિ, સૂર્ય, અને શક્તી એ પાંચ દેવોને જે એક બ્રહ્મરૂપે ગણેલા છે, અને તે વિના બીજા દેવોને ગૌણ (હલકા) દેવો ગણેલા છે, તેવા દેવોની શેવા જેઓ કરે છે, તે ભાગ્યહિન છે, જેમ કોઇ મનુષ્ય ગંગાના કિનારાપર જઇ કુવાના પાણીએ નહાય છે તે જેમ મૂર્ખ છે તેમજ તું ઇશ્વરને મુકી અન્યની શેવા કરે છે, તે પણ મુર્ખજ છે.

કૃષ્ણ સ્તવન આ કોટિ વિધ, સદા મોક્ષનું ધામ,
ગોવર્ધન જગ જીતીયો, પામી નોત્તમ નામ. ૯૫

ટીકા—આ શ્રી કૃષ્ણ ભગવાનની સ્તુતી એ સર્વ પ્રકારે મોક્ષ આપનાર છે. સ્તુતી કરતાં હું ગોવરધન ઉત્તમ નામ જપી જક્ત જીત્યો છું

નવ ઇચ્છું ધન સંપત્તિ, નવ ઇચ્છું સુખધામ,
ગોવરધન ઇચ્છું સદા, મોહે નર તુજ નામ. ૯૬

ટીકા—હે પરમાત્મા કૃષ્ણ! મારે ધનની કે સંપતીની કે અન્ય સુખની કે સારા મહેલની એ વિગેરે કંઇ ઇચ્છા નથી મને તો માત્ર

ત્હારા નામનીજ સદાકાળ ઇચ્છા છે અને તે નામની કૃપા વડેજ હુ તરવા માગું છું.

હરિ હરિ નામ જપુ સદા, ચાહુ કૃપાનિધિ ચર્ણ,
ગોવર્ધન આધિન તવ, જયમ વાયુ વશ વર્ણ. ૯૭

ટીકા—હે પ્રભુ! સદાકાળ ત્હારૂ સુખદ હરિ! હરિ! એવુ પ્રતાપી નામ જપુછું અને હે કૃપાનિધિ! તમારાં ચરણ વિષેજ મારૂ ચિત્ત રમે છે, હે દયાળુ પ્રભુ! જેમ વાયુને તરણું વશ છે, તેમ હુ ગોવરધન તું અંતરયામિને સદા વશ અને આધિન છુ.

જય જય નંદ સુનંદને, જય યશોદાસુત કાન,
વન્દ્રાવન રાધારમણ, ગોવર્ધન ભગવાન. ૯૮

ટીકા—નંદજીના નંદ એવા શ્રીકૃષ્ણને મારા પ્રણામ છે, મહા ભાગ્યશાળી યશોદા માતાના પુત્રને મારા પ્રણામ છે, વન્દ્રાવનમાં રાધિકા આદિ ગોપિકાઓ સાથે રમણ કરનાર બાળકૃષ્ણ ચન્દ્રને મારા પ્રણામ છે, અને ગોવરધન ગિરિરાજને ધારણ કરનાર શ્રી ગિરિવરધારીને મારા પ્રણામ છે.

રાધાકૃષ્ણ યુગલ છબી, વ્રજ વન્દ્રાવન ચન્દ્ર,
ગોવર્ધન નિરખી નયન, પામુ અતી આનંદ. ૯૯

ટીકા—શ્રી રાધિકાજી સહ શ્રીકૃષ્ણ પરમાત્માની મૂર્તિ કે જે વ્રજ અને વન્દ્રાવનના ચન્દ્રરૂપ, એટલે જેમ ચન્દ્ર સર્વને શાન્તિ આપનાર છે, તેમજ શ્રીકૃષ્ણચન્દ્ર એ વ્રજ જનોને પૂર્ણ શાન્તિ આપનાર છે. તેવા શ્રીકૃષ્ણ ભગવાનની છબીને નિરખીને હુ ગોવરધન ઘણોજ આનંદ પામુ છું.

ઉત્તમ ડાકોર નગ્ર છે, જ્યાં રહે જુગલ કિશોર,
તેહ સ્થાન મુજ વાસ છે, ગોવર્ધન ચિત ચોર. ૧૦૦

ટીકા—જે સ્થાનની બરોબરી આ જકતમાં બીજું નથી, તેવા ડાકોર નગ્ર કે જેને વિષે શ્રી લક્ષ્મીજી સહ મહારાજાધિરાજ શ્રી રણછોડરાય એ નામ ધારણ કરી શ્રીકૃષ્ણ દ્વારામતીથી તે સ્થળે આવી વશેલા છે, અને તે લક્ષ્મીનારાયણના સુંદીરરૂપથી હું ગોવરધનનું ચિત્ત ચોરાઈ ગયું છે, તેવા પવિત્ર ક્ષેત્રમાં હું વસું છું.


અખંડ વ્રજ ડાકોર છે, વસ્યા જ્યહાં સુખ ધામ,
ગોવર્ધન દર્શન ચહે, ઇચ્છે પ્રભુ પદ ઠામ. ૧૦૧

ટીકા—ડાકોર ક્ષેત્ર કે જેને શ્રીકૃષ્ણ પરમાત્માએ અખંડ વ્રજ-સ્થાન માનેલું છે, અને સદાકાળ તે પરમાત્મા પોતે કૃષ્ણરૂપે રાધિકા આદિ ગોપિકાઓ સહ વિરાજે છે. તેજ રૂપનું દર્શન તે હુ ગોવરધન સદાકાળ ચાહુ છું, અને તે પરમાત્માના પાદસ્પર્શ ભુમાં ડાકોર નગરીમાંજ હું હરિચરણમાં વાસ ઇચ્છુ છુ. જો કે મ્હારૂ મુળ સ્થળ લસુંદ્રા કે જ્યાં ઠંડા અને ગરમ જળના કુડ આવેલા છે, તે છે. તોપણ શ્રીમુખનાં દર્શનના લોભે કરીને પૂર્વ સ્થાનનો ત્યાગ કરી ડાકોર નગ્રમાં શ્રીકૃષ્ણચન્દ્રના ચરણ સમિપે વસુ છું.

આ શ્રીકૃષ્ણસ્તવનમંજરી શુદ્ધ પ્રેમથી અને શ્રદ્ધાથી નિત્ય નિયમ પૂર્વક ભણુશે તેમના સર્વે મનોરથ સિદ્ધ થશે એ નિઃસશય છે. તથાસ્તુ.

इति श्री गोवर्धनविरचित श्रीकृष्णस्तवनमंजरी

समाप्तम्



જાહેર ખબર.

હું નીચે સહી કરનાર જણાવા પુરવક સર્વે સદ્ગૃહસ્થોને ખબર આપું છું કે ડાકોર શ્રી ગોમતીજીના ઘાટ ઉપર ઠેઠ ગામ મહાદેવનું દેવાલય છે તે દેવાલયને ઘણું સુધારવા લાયક થયેલું છે ને તે ઘણું પુરાતની દેવ છે તેમના જમનાજી શ્રી રણછોડરાય મહારાજ ડાકોરથી ભોડાણાની સાથેથી પધાર્યા છે. હાલમાં તેના તેમની ઘણી ખોટ છે માટે તે દેવાલયની મરામત માટે જેઓએ ખરચવા પૈસા મોકલવા હોય તેમણે નીચેના સરનામે મોકલવા મહેર કરી મોકલવું. એક જીર્ણોદ્ધાર કામ કરવું ને મહાપુણ્ય કરવો તેટલું પુન્ય છે.

માટે આ તીર્થના સ્થાનમાં પધરી આ લાભ લેવા ચુકવું નહીં. વળી પૈસા ખરચી કામ કરાવનારને પોતાનું નામ છપાવવામાં આવશે જીજ.

આ બુક શેઠ કુબાભાઇ એડીટાઅને ત્યાં મહુધા મળશે.

મુ. મુંબઇ. ડે. ભાયખાળના મહોલ્લામાં મહુધા મળશે.

મહારાજશ્રીના આનાની ટીકીટ મોકલી તેમને મળશે જીજ.

લેખક,

મનસુખરામ રણછોડ સાહી દ. પોતે.